સોમવાર
તા.૦૫/૧૦/૨૦૨૬

# દ્રષ્ટિકોણ જનવાણી

PRIGI.NO. GJGUJ/26/A2124
DRASHTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-185 | Editor - Gajera Divya | Date: 05 October-2026 Monday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873



### ૨૧ ગોલ્ડ સહિત કુલ ૮૫ મેડલ જીત્યા

## એશિયન ગેમ્સમાં ભારતનું શાનદાર સમાપન

**નવી દિલ્હી,** ભારતે જાપાનના આઈચી નાગોયામાં એશિયન ગેમ્સ ૨૦૨૬નું ગોલ્ડન પંચ સાથે સમાપન કર્યું છે. શનિવારે એશિયન ગેમ્સના અંતિમ દિવસે ભારતીય ખેલાડીઓએ તેમના પ્રભાવશાળી પ્રદર્શનથી કુલ ૯ મેડલ (૫ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ) જીતીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. આ સાથે આ ગેમ્સમાં ભારતનો કુલ મેડલ ટેલી ૮૫ (૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ) પર પહોંચી ગયો. ભારત હાલમાં મેડલ ટેલીમાં ચોથા સ્થાને પોતાનું અભિયાન પૂરું કરી રહ્યું છે.

જોકે, રવિવારે કેટલીક ઈવેન્ટ્સ બાકી હોવાથી ભારતની મેડલ ટેલી સ્થિતિ પાછળથી બદલાઈ શકે છે.

ભારત મેડલ ટેબલમાં ચોથા સ્થાને છે. ચીન ૧૬૯ ગોલ્ડ સહિત ૩૪૧ મેડલ સાથે પ્રથમ સ્થાને છે, જાપાન ૮૩ ગોલ્ડ અને કુલ ૨૬૯ મેડલ સાથે બીજા સ્થાને છે. દક્ષિણ કોરિયા ૩૯ ગોલ્ડ સહિત ૧૫૦ મેડલ સાથે ત્રીજા સ્થાને છે. ભારત પછી ઉઝબેકિસ્તાન ૨૧ ગોલ્ડ અને કુલ ૭૦ મેડલ સાથે પાંચમા સ્થાને છે.

| Rk | NOC | Gold | Silver | Bronze | Total |
|---|---|---|---|---|---|
| 1 | People's Republic of China | 169 | 89 | 83 | 341 |
| 2 | Japan | 83 | 94 | 91 | 268 |
| 3 | Republic of Korea | 38 | 43 | 68 | 149 |
| 4 | INDIA | 21 | 27 | 37 | 85 |
| 5 | Uzbekistan | 21 | 25 | 24 | 70 |
| 6 | Islamic Republic of Iran | 19 | 18 | 15 | 52 |
| 7 | Thailand | 18 | 13 | 21 | 52 |

કુમકુમ મોહોડ (તીરંદાજી) : ૧૭ વર્ષીય યુવા તીરંદાજ કુમકુમ મોહોડ મહિલા રિકર્વ વ્યક્તિગત ઈવેન્ટમાં રોમાંચક શૂટ-ઓફમાં દક્ષિણ કોરિયાની ઓ યેજિનને હરાવીને પરફેક્ટ ૧૦નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પ્રણવી શરથ ઉર્સ (ગોલ્ફ) : પ્રણવીએ મહિલા વ્યક્તિગત સ્ટ્રોક પ્લે ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું, ૧૫ અંડર પારના સ્કોર સાથે પ્રથમ સ્થાને રહીને દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

અમન સેહરાવત (કુસ્તી) : પુરુષોની ફ્રીસ્ટાઈલ ૫૭ કિગ્રા શ્રેણીમાં અમન સેહરાવતે ઉત્તર કોરિયાના કુસ્તીબાજને એક રોમાંચક સ્પર્ધામાં હરાવીને ભારતને કુસ્તીમાં બીજો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

પુરુષોની હૉકી ટીમ (હૉકી) : ભારતીય પુરુષ ટીમે એશિયન ગેમ્સમાં સતત બીજો ગોલ્ડ મેડલ જીત્યો, ફાઈનલમાં મલેશિયાને ૫-૧થી હરાવ્યું. આ સાથે ભારતે એક જ આવૃત્તિમાં પુરુષો અને મહિલા બંને ટીમો માટે ગોલ્ડ જીતવાનો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો હતો

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ (ક્રિકેટ) : ભારતીય ક્રિકેટ ટીમે ફાઈનલમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને ૧૯ રનથી હરાવીને ગૌરવ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૧૧ રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાન ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ફક્ત ૧૯૨ રન જ બનાવી શક્યું.

મહિલા ગોલ્ફ ટીમ ઈવેન્ટ : ભારતીય મહિલા ગોલ્ફ ટીમે સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ કાસુગાઈ કન્ટ્રી ક્લબ ઈસ્ટ કોર્સ ખાતે રમાયેલી મહિલા ટીમ ઈવેન્ટમાં ભારતે ૧૪-અંડર ૫૪૬નો સ્કોર કર્યો અને ચીન પછી બીજા સ્થાને રહ્યું.

અંતિમ પંઘાલ (કુસ્તી) : મહિલા કુસ્તી ૫૩ કિગ્રા ફાઈનલમાં જાપાનની મો કિયોકા સામે હારવા છતાં અંતિમે દેશ માટે સિલ્વર મેડલ જીતવા માટે શાનદાર વાપસી કરી. તે આ આવૃત્તિમાં મેડલ જીતનારી એકમાત્ર ભારતીય મહિલા કુસ્તીબાજ હતી.

દીપક પુનિયા (કુસ્તી) : દીપકે પુરુષોની ફ્રીસ્ટાઈલ ૯૭ કિગ્રા શ્રેણીમાં મોંગોલિયન કુસ્તીને ૨-૧ થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો.

નીરજ ચૌહાણ (તીરંદાજી) : પુરુષોની રિકર્વ વ્યક્તિગત બ્રોન્ઝ મેડલ મેચમાં, નીરજે પોતાના દેશબંધુ ધીરજ બોમ્મદેવરાને ૬-૪ થી હરાવીને દેશ માટે કાંસ્ય ચંદ્રક જીત્યો.



તસવીર: હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરતઃ** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સેવા સમર્પણ અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સુરત મહાનગરમાં 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ અઠવા ઝોન ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. 'સેવા સેતુ' કાર્યક્રમમાં નાગરિકોએ ૧૮થી વધુ સરકારી યોજનાઓનો લીધો લાભ લીધો હતો.

## સુરત ક્રાઈમ બ્રાન્ચે ૧૬.૬૯૦ ગ્રામ મેફેડ્રોન સાથે બે ઈસમોને ઝડપ્યા

**સુરત :** સુરત ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સ સાથે બે ઈસમોને ઝડપી પાડી ૧૬.૬૯૦ ગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યું છે. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત રૂ.૫૦,૦૦૦ હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડ્રગ્સ ઉપરાંત ઈલેક્ટ્રિક સ્કૂટર, વજનકાંટો, રોકડ રૂપિયા સહિત કુલ રૂ.૧.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મામલે પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને આપવાનો હતો તે સહિતની દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.




## પશ્ચિમ એશિયામાં સંકટ વચ્ચે PM મોદીની દેશવાસીઓને ૭ અપીલ

### વડાપ્રધાન મોદીએ કહ્યું વિદેશી ખર્ચ ઘટાડો: મોદીએ દેશવાસીઓને દેશની આર્થિક આત્મનિર્ભરતા મજબૂત કરવામાં ભાગીદાર બનવાની અપીલ કરી

**નવી દિલ્હી,** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દેશની આર્થિક આત્મનિર્ભરતા મજબૂત કરવામાં ભાગીદાર બનવાની અપીલ કરી છે. હૈદરાબાદમાં એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે તેમણે દેશના લોકોને સાત મહત્વપૂર્ણ અપીલ કરી હતી.

વડાપ્રધાન મોદીએ વિદેશી મુદ્રા ભંડાર બચાવવા માટે પેટ્રોલ-ડીઝલ જેવા આયાતી ઈંધણનો વપરાશ ઘટાડવા જણાવ્યું. આ માટે જાહેર પરિવહનનો ઉપયોગ અને કારપૂલિંગને પ્રોત્સાહન આપવા અપીલ કરી. પશ્ચિમ એશિયાના સંકટને કારણે કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ અમેરિકન ડોલરથી ઉપર પહોંચ્યા હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો. તેમણે લોકોને એક વર્ષ માટે વિદેશ પ્રવાસ ટાળવા અને વિદેશમાં ડેસ્ટિનેશન વેડિંગ જેવા ખર્ચ પર ફરી વિચાર કરવા કહ્યું.

### ૧૮ વર્ષ પૂર્ણ કરનાર નવા મતદારો સહિત નામ કમી થયેલા લોકો નોંધણી કરાવી શકશે

## સુરત જિલ્લામાં મતદાર યાદી સુધારણા માટે ચાર દિવસ ખાસ અભિયાન



### સુરત જિલ્લામાં મતદાર યાદી સુધારણા માટે ચાર દિવસ ખાસ અભિયાન

**સુરત,** સુરત જિલ્લામાં મતદાર યાદી સુધારણા માટે ચાર દિવસની ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે જેમાં ૧૮ વર્ષ પૂર્ણ કરનાર નવા મતદારો સહિત નામ કમી થયેલા લોકો નોંધણી કરાવી શકશે, ૧૧, ૧૮, ૨૫ ઓક્ટોબર અને ૧ નવેમ્બરે તમામ મતદાન મથકો પર BLO હાજર રહેશે: સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી ફોર્મ-૬ સહિત હક્ક-દાવા સ્વીકારાશે

સુરત જિલ્લા કલેક્ટર અને ચુંટણી અધિકારી તેજસ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં વિગતો આપતા જણાવ્યું હતું. હતું કે, ભારતીય ચૂંટણી પંચ દ્વારા સુરત જિલ્લા સહિત સમગ્ર રાજયમાં સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત બાકી રહી ગયેલા, નામ કમી થઈ ગયેલા તેમજ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા નવા મતદારોના નામ નોંધવા માટે ૪ દિવસની ખાસ ઝુંબેશ જાહેર કરવામાં આવી છે. ખાસ ઝુંબેશના દિવસોમાં નાગરિકો મતદાન મથકે જઈને ફોર્મ નંબર ૬ ભરી મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, આગામી તા.૧૧/૧૦/૨૦૨૬, તા.૧૮/૧૦/૨૦૨૬, તા.૨૫/૧૦/૨૦૨૬ તથા તા.૧/૧૧/૨૦૨૬ એમ ચાર દિવસોમાં બૂથ લેવલ અધિકારીઓ (BLO) સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી તમામ મતદાન મથકો પર હાજર હક્ક-દાવાઓ સ્વીકારશે. જેથી કોઈ પણ મતદારો મતદારયાદીમાં નામ દાખલ કરવા તથા જરૂરી સુધારા કરાવવા માટે મતદાન મથકોએ પુરાવાઓ સાથે અરજી કરી શકે છે. સુરત જિલ્લાની ૧૬ વિધાનસભાઓમાં હાલ ૩૬,૬૬,૮૯૬ મતદારો છે.

હાલમાં જિલ્લામાં ૫૧૧૩ મતદાન મથકો છે જયારે બીએલઓની સંખ્યા પણ ૫૧૧૩ જેટલા છે. હજુ પણ અનેક નાગરિકોના નામ કમી થઈ ગયા હોય કે પ્રથમ વખત મતદાર બનવા પાત્ર થયા હોય, તેઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા આ ખાસ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જે નાગરિકોએ ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય અથવા જેમના નામ કમી થઈ ગયા હોય તેઓ ફોર્મ નં. ૬ ભરીને મતદારયાદીમાં નામ દાખલ કરાવી શકશે. કોઈપણ પૂછપરછ કે માર્ગદર્શન માટે જિલ્લા હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

### ગિલેન-બારે સિન્ડ્રોમ' સામે તબીબોની મોટી સફળતા

## સ્મિમેરના તબીબોની સમયસૂચકતા અને સચોટ નિદાનથી ૧૩ વર્ષીય કિશોરીને નવજીવન

### ત્રણ હોસ્પિટલ બાદ ગંભીર હાલતમાં સ્મિમેરમાં દાખલ કરાઈ હતી : વેન્ટિલેટર પર પહોંચેલી ૧૩ વર્ષની કિશોરી હવે પોતાના પગે ચાલતી થઈ

### શું છે ગિલેન-બારે સિન્ડ્રોમ?

ગિલેન-બારે સિન્ડ્રોમ એક દુર્લભ ઓટોઈમ્યુન ન્યુરોલોજિકલ ડિસઓર્ડર છે. ઘણી વખત વાયરલ અથવા બેક્ટેરિયલ ઈન્ફેક્શન બાદ તેની શરૂઆત થાય છે. તેમાં પગ અને હાથમાં ઝણઝણાટી, સુન્નપણું અથવા નબળાઈ જેવા લક્ષણો જોવા મળે છે અને સ્થિતિ ગંભીર બનતાં સ્નાયુઓની અસમર્થતા તથા લકવો પણ થઈ શકે છે. ગંભીર કિસ્સામાં શ્વાસોચ્છવાસના સ્નાયુઓ, ચહેરાની નસો તથા હૃદયના ધબકારાને નિયંત્રિત કરતી પ્રણાલી પણ અસરગ્રસ્ત થઈ શકે છે. યોગ્ય સમયે પ્લાઝમાફેરેસિસ અથવા IVIG જેવી સારવાર અને સઘન ફિઝિયોથેરાપીથી મોટાભાગના દર્દીઓમાં સારો સુધારો થઈ શકે છે.

**સુરતઃ** સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મિમેર હોસ્પિટલના તબીબોએ વધુ એક વખત ગંભીર અને જટિલ ન્યુરોલોજિકલ બીમારી સામે સફળ સારવાર કરી એક ૧૩ વર્ષીય કિશોરીને નવજીવન આપ્યું છે. તાપી જિલ્લાના ઉમરવાડુધ ગામની રહેવાસી કૃશાની ગંભીર હાલતમાં સ્મિમેર હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી. બાળકીની સ્થિતિ એટલી નાજુક હતી કે તેને તાત્કાલિક વેન્ટિલેટર પર રાખવી પડી હતી. જોકે, તબીબોની સમયસૂચકતા, સચોટ નિદાન અને આધુનિક સારવાર પદ્ધતિથી હવે કૃશા સંપૂર્ણ સ્વસ્થ થઈ પોતાના પગે ચાલી રહી છે.

તાપીના ઉમરવાડુધ ગામના ખેડૂત રાકેશભાઈ ચૌધરી અને કાપાબેનની ૧૩ વર્ષીય પુત્રી કૃશાની તબિયત અચાનક લથડી હતી. તેને પ્રથમ ઉનાઈ, ત્યારબાદ વાંસદા અને નવસારીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, સ્થિતિમાં સુધારો થવાને બદલે વધુ ગંભીર બનતાં ૨૦ સપ્ટેમ્બરના રોજ તેને સ્મિમેર હોસ્પિટલની કેઝ્યુઅલ્ટીમાં લાવવામાં આવી હતી. કૃશાને શ્વાસ લેવામાં ભારે તકલીફ, આંખે ઝાંખું દેખાવું, માનસિક અસ્વસ્થતા તેમજ ચાલતી વખતે સંતુલન ગુમાવવા જેવી ગંભીર સમસ્યાઓ હતી. કૃશાને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી હોવા છતાં તેની શ્વસનતંત્રની તપાસ અને છાતીનો એક્સ-રે સામાન્ય આવ્યો હતો. બાળકીની કથળતી સ્થિતિને ધ્યાનમાં રાખીને તબીબોએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેને ઈન્ટ્યુબેટ કરી વેન્ટિલેટર પર રાખી હતી.

પ્રારંભિક તપાસમાં સ્પષ્ટ કારણ સામે ન આવતાં તબીબો માટે આ કેસ પડકારજનક બન્યો હતો. જોકે, બાળકીના તમામ લક્ષણોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યા બાદ સ્મિમેરના પીડિયાટ્રિક વિભાગના તબીબોને 'એટિપિકલ ગિલેન-બારે સિન્ડ્રોમ'ના 'મિલર ફિશર વેરિઅન્ટ'ની આશંકા થઈ હતી. ગિલેન-બારે સિન્ડ્રોમ એક ગંભીર ન્યુરોલોજિકલ બીમારી છે, જેમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી પોતાના જ નર્વસ સિસ્ટમ પર હુમલો કરે છે. ગંભીર સ્થિતિમાં આ બીમારી શ્વાસોચ્છવાસના સ્નાયુઓને પણ અસર કરી શકે છે.

તબીબોએ સમય બગાડ્યા વિના આધુનિક 'પ્લાઝમાફેરેસિસ' પદ્ધતિથી સારવાર શરૂ કરી હતી. સારવાર બાદ કૃશાના સ્વાસ્થ્યમાં ધીમે-ધીમે નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. ચાર સાયકલ પ્લાઝમાફેરેસિસ પૂર્ણ થયા બાદ તેની સ્થિતિમાં અપેક્ષા કરતાં પણ ઝડપી સુધારો થયો હતો. સારવાર બાદ કૃશાને સફળતાપૂર્વક વેન્ટિલેટર પરથી હટાવવામાં આવી હતી. ત્યારબાદ ઓક્સિજન સપોર્ટ પણ તબક્કાવાર ઘટાડીને સંપૂર્ણપણે બંધ કરી દેવાયો હતો. હાલ કૃશા સંપૂર્ણપણે સભાન છે અને કોઈના સહારા વગર પોતાના પગે ચાલી શકે છે. તે જાતે જમવા ઉપરાંત પોતાની રોજિંદી ક્રિયાઓ પણ સામાન્ય બાળકની જેમ સ્વતંત્ર રીતે કરી રહી છે. દીકરીને ફરી હસતી-રમતી જોઈ ખેડૂત માતા-પિતાની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા હતા. આ જટિલ સારવાર સ્મિમેર હોસ્પિટલના પીડિયાટ્રિક યુનિટ-૩ હેઠળ હેડ ડૉ. અજય સેઠી, ડૉ. નિરાલી મહેતા, ડૉ. રાધિકા પટેલ અને ડૉ. ફાલ્ગુની ચૌધરીની આગેવાનીમાં સફળતાપૂર્વક કરવામાં આવી હતી. સારવાર દરમિયાન રેસિડેન્ટ ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, આયા અને વોર્ડબોય સહિતની ટીમે ૨૪ કલાક સતત બાળકીની દેખરેખ રાખી હતી. તબીબોના સચોટ નિદાન અને સમગ્ર ટીમની અથાક મહેનતથી ગંભીર સ્થિતિમાં પહોંચેલી એક સામાન્ય ખેડૂત પરિવારની દીકરીને નવજીવન મળ્યું છે.



E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/ગુજરાત
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Monday,05 September-2026
સોમવાર, તા.૦૫/૦૯/૨૦૨૬

# મહાત્મા ગાંધીજી વિષે અશ્લીલ રીલ બનાવનાર સિમરનની ધરપકડ

## એક મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતી પાલનપુરની સિમરન પટેલે ગાંધી જયંતીના એક દિવસ પૂર્વે વાંધાજનક વિડીયો પોસ્ટ કર્યો હતો

**દ્રષ્ટિકોણ-સુરત,** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની તસવીરવાળી ચલણી નોટો સાથે અશ્લીલ રીલ બનાવનારી સુરતની સિમરન પટેલની ધરપકડ કરવામાં આવી છે. સુરતના જ એક નાગરિકની ફરિયાદને આધારે સાયબર ક્રાઈમ પોલીસે સિમરનને પાલનપુર ગામ સ્થિત તેના ઘરેથી દબોચી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધી જયંતીના એક દિવસ પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની તસવીરવાળી ચલણી નોટ સાથે અશ્લીલ રીલ બનાવનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર સિમરન




પટેલની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ઈન્સ્ટાગ્રામ પર ૧ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતી સિમરન પટેલે ૧ ઓક્ટોબરના રોજ પોતાના એકાઉન્ટ પર એક વાંધાજનક વિડીયો પોસ્ટ કર્યો હતો, જેમાં રૂ. ૫૦૦ની ભારતીય ચલણી નોટ પર રહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ફોટોને બિભત્સ રીતે દર્શાવી, જાતીય સંદર્ભ ધરાવતા અપમાનજનક નિવેદનો અને હાવભાવ સાથે જોડી લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કર્યું હતું. આ વીડિયો જાહેર પ્લેટફોર્મ પર વાઈરલ થતાં લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો.

રાષ્ટ્રપિતાનું અપમાન કરતો આ વીડિયો વાઈરલ થયા બાદ એક જાગૃત નાગરિક દ્વારા સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૦૮ની કલમ-૬૭ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ કડીઓ અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના ડેટાના આધારે કાર્યવાહી કરીને સુરત પોલીસે આરોપી મહિલા સિમરન અમિત પટેલ (ઉ.વ. ૪૭, રહે. સુરતી આઈકોન, અડાજણ, પાલનપુર ગામ, સુરત)ની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નાનપુરામાં બે મહિલાઓની હેરાનગતિ, ધાકધમકીથી સ્થાનિકો ત્રસ્ત, પોલીસ કમિશનરને આવેદન

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલા તાકપુરા મોહલ્લા સહિત આસપાસના પાંચથી વધુ વિસ્તારોના રહીશો બે મહિલાઓ સામે હેરાનગતિ, ધાકધમકી અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપવાના આક્ષેપો સાથે પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. સ્થાનિકોએ આવેદનપત્ર આપી સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.



પાંચથી વધુ વિસ્તારના રહીશો તપાસની માંગ સાથે પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા

રેહાનાબાનું મુર્તુજા શેખ અને નુરીનબાનું મુર્તુજા શેખ દ્વારા વિસ્તારમાં રહેતા લોકોને લાંબા સમયથી હેરાન કરવામાં આવતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રહીશોના જણાવ્યા મુજબ સ્થાનિક પુરુષોને અપશબ્દો કહેવા તેમજ છેડતી અને દુષ્કર્મના ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રૂપિયા માંગવા અને ગરીબ મહિલાઓને પણ હેરાન કરવામાં આવતી હોવાની રજૂઆત સ્થાનિકોએ કરી છે.

આ મામલે તાકપુરા મોહલ્લા ઉપરાંત હબીબશાહ મોહલ્લો, સુથાર મોહલ્લો, ખલીફા મોહલ્લો અને અહેમદ પેલેસ વિસ્તારના રહીશો, વડીલો અને મહિલાઓ પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. સ્થાનિકોએ બંને મહિલાઓ સામે કરવામાં આવેલા આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરવાની અને તપાસમાં તથ્ય જણાય તો કાયદા મુજબ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

સ્થાનિકોએ આવેદનપત્રમાં લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. હવે પોલીસ દ્વારા આ રજૂઆતના આધારે શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સ્થાનિકોની નજર છે.

# વેલાછા ગામે ધારાસભ્ય ગણપતસિંહ વસાવા ના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શાળાના ઓરડાનું લોકાર્પણ કરાયું

**દ્રષ્ટિકોણ-વાંકલ:** માંગરોળ તાલુકાના વેલાછા ગામે રૂ.૨ કરોડથી વધુ ના ખર્ચે નિર્માણ થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શાળાના ઓરડા કંમ્પાઉન્ડ વોલ નું લોકાર્પણ ધારાસભ્ય ગણપતસિંહ વસાવા ના હસ્તે કરાયું હતું આરોગ્ય સુવિધા માટે વેલાછા ગામે રૂ..૧,૬૦, કરોડ ના ખર્ચે આયુષ્યમાન આરોગ્ય મંદિર નું નિર્માણ કરાયું હતું તેમજ સર્વશિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાના ઓરડા, કમ્પાઉન્ડ વોલ સહિત રીનોવેશનના કામ રૂ.૪૯ લાખ આમ કુલ રૂા.૨.૦૮ કરોડના ખર્ચે નિર્માણ કરાયું હતું બંને વિકાસના કામો લોકાર્પણ સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ સમીરભાઈ મોદી અને ઉપપ્રમુખ ઉમેદભાઈ ચૌધરી માંગરોળ તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબેન ગામીત ચૂંટાયેલા તાલુકા જિલ્લા

**માંગરોળ ઉમરપાડા અને તરસાડી નગર ભાજપના કાર્યકર્તાઓની સંગઠનલક્ષી બેઠક યોજાઈ**

પંચાયતના સભ્યો અને આગેવાનો ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ગણપતસિંહ વસાવા એ જણાવ્યું હતુ કે, વેલાછા ગામના તથા આજુબાજુ ગામના લોકોને નજીકના વિસ્તારમાં આરોગ્યની સેવાઓ મળી રહે તે હેતુથી આત્યાધુનિક ભવનનું આજે લોકાર્પણ કરાયું છે. જેમાં તમામ લોકોને સત્વરે પ્રાથમિક સારવાર તથા જરૂરી દવાઓ મળી રહેશે. તેમજ વેલાછા ગામે આજે પ્રાથમિક ના કમ્પાઉન્ડ વોલ બનવાથી શાળામાં અભ્યાસ કરતા બાળકોની સુરક્ષા જળવાઈ રહેશે તેમજ ઓરડાનું રીનોવેશન થવાથી બાળકોને પણ સારા સ્વચ્છ ઓરડાઓ ઉપલબ્ધ થશે આ પ્રસંગે યોજાયેલા સમારંભમાં વેલાછા ગામના પર્યાવરણ પ્રેમી દિનેશભાઈ પટેલ નું સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ ગણપતસિંહ વસાવા ના અધ્યક્ષ સ્થાને સંગઠન લક્ષી બેઠક યોજવામાં આવી હતી.

જેમાં માંગરોળ અને ઉમરપાડા તાલુકા ના તરસાડી નગર ના કાર્યકર્તાઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ભારતીય જનતા પાર્ટીના સંગઠનના તમામ પદાધિકારીઓ સાથે સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬ અંતર્ગત આવનાર કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ઉપસ્થિત તમામને જરૂરી સુચનો કર્યો હતા.

# વાંસદા તાલુકાનાં ભીનાર ગામને 'TB મુક્ત પંચાયત એવોર્ડ'થી સન્માનિત

**દ્રષ્ટિકોણ-ઉનાઈ,** વાંસદા તાલુકાનાં ભીનાર ગામને TB મુક્ત પંચાયત એવોર્ડ પ્રાપ્ત થવો એ સમગ્ર ગ્રામજનો માટે ગૌરવની બાબત છે. આ સિદ્ધિ ગામના લોકો, ગામના આગેવાનો, સરપંચ તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓના સહિયારા પ્રયાસો અને સતત જનજાગૃતિના પરિણામે પ્રાપ્ત થઈ છે. ગામમાં ક્ષયરોગ (TB) અંગે જનજાગૃતિ, શંકાસ્પદ દર્દીઓની વહેલી ઓળખ, સમયસર તપાસ તથા યોગ્ય સારવાર અંગે સતત કામગીરી કરવામાં આવી હતી. આ સમગ્ર અભિયાનમાં ગ્રામજનોના સક્રિય સહયોગ અને આરોગ્ય ટીમની



પ્રતિબદ્ધ કામગીરીનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. TB મુક્ત પંચાયતના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં ભીનાર ગામની આ સિદ્ધિ સમગ્ર ગામ માટે પ્રેરણારૂપ છે.

# મહિલા સમન્વય કચ્છ વિભાગના માધ્યમથી ગાંધીધામમાં લોકમાતા મહાનાટક ભજવાશે

**દ્રષ્ટિકોણ-ગાંધીધામ:** દેવી અહિલ્યાબાઈની ૩૦૦મી જન્મજયંતી નિમિત્તે મહિલા સમન્વય કચ્છ વિભાગ દ્વારા ગાંધીધામ ખાતે 'લોકમાતા' મહાનાટકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય નારીની અદભુત ગાથા અને દેવી અહિલ્યાબાઈના પ્રેરણાદાયી જીવન-કાર્યોને રજૂ કરતું આ મહાનાટક સહપરિવાર માણવા જેવું રહેશે. 'લોકમાતા' મહાનાટકનું હિન્દીમાં લેખન શ્રીમતી નંદિનીબેન દેશપાંડે દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે નિદર્શન ડૉ. ધવલ વર્તક (ઈસરો) દ્વારા કરવામાં આવ્યું છે. દેવી અહિલ્યાબાઈને પ્રજાએ દેવી, પુણ્યશ્લોકા અને લોકમાતા સહિત અનેક નામોથી સન્માનિત કર્યા છે. તેમના જીવન અને ભારતીય નારીશક્તિની ગાથાને નાટ્યરૂપે રજૂ કરવામાં આવનાર છે. આ મહાનાટક ગાંધીધામના મધુબન સોરઠિયા સમાજવાડી, ખોડિયાર માતાજીના મંદિર સામે, શિણાય રોડ ખાતે ભજવાશે. તા. ૪ ઓક્ટોબર, રવિવારના રોજ બે શો યોજાશે. પ્રથમ શો સાંજે ૫થી ૭ વાગ્યા સુધી, જ્યારે બીજો શો રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી રહેશે. મહિલા સમન્વય કચ્છ વિભાગ દ્વારા નાગરિકોને સહપરિવાર આ મહાનાટક નિહાળવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પીપોદરા GIDCમાં યાર્ન ફેક્ટરી શ્રી અંબાજી ફાઈબર્સમાં ભીષણ આગ

**દ્રષ્ટિકોણ-માંગરોળ:** સુરત જિલ્લાના પીપોદરા GIDC વિસ્તારમાં મોડી રાત્રે યાર્ન કાપડ બનાવતી 'શ્રી અંબાજી ફાઈબર્સ' કંપનીમાં અચાનક ભીષણ આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં કંપનીમાં રાખેલા કાપડ, મશીનરી અને કાચા માલ સુધી આગ ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

ફેક્ટરીમાં આગ લાગ્યાની જાણ થતાં કામરેજ, વરાછા અને સુમીલોન સહિતના વિસ્તારોમાંથી ફાયર વિભાગની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવવા પ્રયાસો હાથ ધર્યા હતા. લાંબી જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. આગને કારણે કંપનીમાં રાખવામાં



આવેલું યાર્ન કાપડ, મશીનરી તેમજ મોટી માત્રામાં કાચો માલ બળી ગયો હોવાનું સામે આવ્યું છે. આગના કારણે કંપનીના માલિકને મોટું આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. આ સમગ્ર ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. આગની ઘટનાને પગલે ફાયર વિભાગ અને પોલીસની ટીમે તપાસ શરૂ કરી છે. આગનું ચોક્કસ કારણ તપાસ પૂર્ણ થયા બાદ જ બહાર આવશે.

# મહિલાઓને આત્મનિર્ભર બનાવવા 'વુમન એમ્પાવરમેન્ટ સેન્ટર'નો પ્રારંભ

**દ્રષ્ટિકોણ-ભરૂચ:** ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશને ભરૂચમાં મહિલા સશક્તિકરણની દિશામાં નવી પહેલ કરી છે. કંથારીયા રોડ પર જંબુસર બાયપાસ ચોકડી નજીક આવેલા 'ઐમન પાર્ક' ખાતે મહિલાઓને રોજગારલક્ષી તાલીમ આપવા 'ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટર' (વુમન એમ્પાવરમેન્ટ સેન્ટર) શરૂ કરવામાં આવ્યું છે.



ફેડરેશનના લેડીઝ વિંગનાં પ્રમુખ રૂબીના કાપડિયા અને ઉપપ્રમુખ શાહીન અસલમના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલા આ સેન્ટરનો મુખ્ય હેતુ મહિલાઓને કૌશલ્ય તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાનો છે. અહીં કમ્પ્યુટર એજ્યુકેશન, સિલાઈ, મહેંદી અને બ્યુટી પાર્લર સહિતના કોર્સ ચલાવવામાં આવશે.

આ ઉપરાંત બેકિંગ-કુકિંગ, હેમ્પર મેકિંગ, રેઝિન આર્ટ અને હેન્ડવર્ક જેવા વિવિધ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે. આ તાલીમ દ્વારા મહિલાઓને રોજગાર અને સ્વરોજગારની તકો મેળવવામાં મદદ મળશે. સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે સમાજના આગેવાનો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મહિલાઓને વ્યવસાયલક્ષી કૌશલ્ય શીખવી આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાના હેતુથી શરૂ કરાયેલી આ પહેલને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# કતારગામમાં પોક્સોના ગુનાના કેદીનો ઝેર પી આપઘાત

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેરમાં આવેલા કતારગામમાં પેરોલ પર આવેલા પોક્સોના ગુનાના કેદીએ ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર કતારગામ વિસ્તારમાં આવેલી ચામુંડા નગર સોસાયટીમાં રહેતા અને હાલ લાજપોર જેલમાં સજા ભોગવતા પ્રદીપકુમાર પ્રેમજીભાઈ પ્રજાપતિ થોડા દિવસો પહેલાં જ પેરોલ પર રજા લઈને ઘરે આવ્યા હતા. ૩ ઓક્ટોબરના રોજ તેમણે ફરી જેલમાં હાજર થવાનું હતું. જોકે, જેલમાં પરત જવું ન પડે તે માટે અને પત્ની સાથે ચાલતી છૂટાછેડાની વાતોથી સતત માનસિક તણાવમાં રહેતા પ્રદીપે ગઈકાલે બપોરે પોતાના ઘરે ઘઉંમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

પરિવારજનો તરત જ તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ સાંજે તેમનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક પ્રદીપકુમાર મૂળ પાટણના વતની હતા અને તેઓ કતારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોક્સોના ગુનામાં જેલની સજા કાપી રહ્યા હતા. તેમને સંતાનમાં એક પુત્રી છે. કતારગામ પોલીસે આ બનાવ અંગે લાજપોર જેલ પ્રશાસનને જાણ કરીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગોદાવાડી દૂધ મંડળીએ ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો

## પશુપાલકોને રૂ.૩.૭૦ કરોડથી વધુની ચુકવણી; સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત દૂધ ભરાવવા અપીલ



**દ્રષ્ટિકોણ-માંડવી:** માંડવી તાલુકામાં કાર્યરત 'ધી ગોદાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.'ની ૫૧મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. મંડળીએ સફળતાપૂર્વક ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે, જે સમગ્ર ગામ અને પશુપાલકો માટે એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. આ પ્રસંગે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (તા. ૧-૪-૨૦૨૫ થી ૩૧-૩-૨૦૨૬ નો વાર્ષિક અહેવાલ અને હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા.

મંડળીના પ્રમુખમિનેષભાઈ મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં જણાવાયું હતું કે, મંડળી સતત પ્રગતિના પંથે અગ્રેસર છે. વર્ષ ૨૦૨૫-૨૬દરમિયાન મંડળીમાં કુલ ૯,૩૩,૩૯૩,૮ લિટર દૂધની જંગી આવક નોંધાઈ હતી. આ દૂધની આવક સામે મંડળી દ્વારા સભાસદ પશુપાલકોને કુલ રૂ. ૩,૭૦,૬૧,૪૩૮.૩૮ ની માતબર રકમ ચૂકવવામાં આવી છે, જે ગ્રામ્ય સ્તરે પશુપાલકોની આર્થિક સદ્ધરતાનો પુરાવો આપે છે.

વાર્ષિક હિસાબના આંકડાઓ મંડળીનું અત્યંત મજબૂત આર્થિક માળખું દર્શાવે છે.

વર્ષના અંતે મંડળીનું ભરપાઈ થયેલ શેર ભંડોળ રૂ. ૪૨,૧૭૦ છે, જ્યારે રિઝર્વ ફંડ રૂ. ૭,૪૯,૯૯૦.૩૧ અને મકાન ફંડ રૂ.૧૨,૯૩,૫૯૦,૪૦ જેટલું નોંધાયું છે. આ પ્રસંગે પ્રમુખે સભાસદોને માર્ગદર્શન આપતાં ખાસ અપીલ કરી હતી કે તેઓ પોતાના પશુઓના રહેઠાણ સ્વચ્છ રાખે અને ઉચ્ચ ગુણવત્તાવાળું સ્વચ્છ દૂધ ભરાવવાનો આગ્રહ રાખે, જેથી દૂધના વધુ સારા ભાવ મેળવી શકાય અને નફાકારકતા વધારી શકાય. વર્ષભરની આ શ્રેષ્ઠ કામગીરી અને સભાના આયોજનમાં મંડળીના ઉપ-પ્રમુખ ગણપતભાઈ આર. પટેલ, મંત્રી જીગ્નેશભાઈ ગણપતભાઈ પટેલ તેમજ સમગ્ર વ્યવસ્થાપક સમિતિ અને કર્મચારીગણનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો.

# રૂ. ૪૦ હજારની રોકડ સાથે વરલી મટકાનો જુગાર ઝડપાયો, ૧૨ મોબાઈલ કબજે



**દ્રષ્ટિકોણ-વ્યારા, તાપી**
સ્ટેટ મોનિટરિંગ સેલ (જીસ્ઝ)ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. ચાવડાની ટીમે વ્યારા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં મગદુમનગર, કાકરાપાર રોડ પર દાદાજી ચોક પાસે પતરાના કેબીન નીચે ખુલ્લી જગ્યામાં દરોડો પાડી વરલી મટકાનો જુગાર ઝડપી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન રોકડા રૂ. ૪૦,૦૫૧ સહિત કુલ રૂ. ૧,૩૮,૦૫૧નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

દરોડામાં એક વાહન, ૧૨ મોબાઈલ ફોન, રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી સુમીતભાઈ બાબુભાઈ રોકડે, રાજેશભાઈ બાબુભાઈ ચૌધરી, રાજકપુર ધરમવીર ચૌધરી, આનંદભાઈ ઈશ્વરભાઈ રાણા, શૈલેષ મનુભાઈ ગામીત, સલીમભાઈ હુશેનભાઈ કાકર અને મેહુલ જયંતીભાઈ ગામીતને ઝડપી પાડ્યા હતા.

આ ઉપરાંત જીગ્નેશભાઈ રામુભાઈ ઢીમ્મર (માછી), રહે. સોનગઢ હાઈવે રોડ, સ્મશાન ભૂમિની બાજુમાં, વ્યારા તથા સ્થળ પર મોબાઈલ ફોન મૂકીને નાસી ગયેલા અન્ય ચાર આરોપીઓ મળી કુલ પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

# ૮૦ વર્ષના વૃદ્ધનું પેટમાં ઈજા થયા બાદ મોત

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૪**
સુરત શહેરમાં આવેલા ઊન પાટિયા વિસ્તારમાં આવેલ સોયેબ નગરમાં ૮૦ વર્ષના વૃદ્ધનું પેટમાં ઈજા થયા બાદ મોત થયું હતું

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની ૮૦ વર્ષના સલીમ ભીખણ ખટીક હાલમાં ઊન પાટિયા વિસ્તારમાં આવેલ સોયેબ નગરમાં પાંચ સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવતા હતા. ગત ૨૧મી સપ્ટેમ્બરના રોજ સવારે સલીમ બેડ પર આરામ કરી રહ્યા હતા. ત્યારે તેમના પત્ની ફરીદા બેડ પર ચડીને બારી સાફ કરી રહ્યા હતા. દરમિયાન ફરીદાએ સંતુલન ગુમાવતા સલીમના પેટ ઉપર પડ્યા હતા. અકસ્માતને પગલે સલીમને પેટમાં ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેમણે તાત્કાલિક સારવાર માટે બે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે સલીમનું મોત થયું હતું.

નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર રાજેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતુ કે, અકસ્માતમાં સલીમના લિવરને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેમનું લિવર ફાટી ગયું હતું અને લોહી પેટમાં જમા થઈ ગયું હતું. બનાવને પગલે ભેસ્તાન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# એક વર્ષના બાળકનું પટકાતાં મોત

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેરમાં આવેલા નાનપુરા વિસ્તારમાં આવેલ ડચ ગાર્ડન પાસે એક વર્ષના બાળકનું પટકાતાં મોત થયું હતું મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અજયભાઈ રાજપૂત હાલમાં નાનપુરા વિસ્તારમાં આવેલ ડચ ગાર્ડન પાસે ઝૂંપડામાં પત્ની ખુશ્બુ તેમજ એક વર્ષનો પુત્ર પિયુષ સાથે રહે છે. દંપતી મજૂરી કામ કરે છે. પાંચેક દિવસ પહેલા સાંજના સમયે ખુશ્બુ પિયુષને ગોદીમાં ઉચકીને સુરત રેલવે સ્ટેશન પાસેથી પસાર થઈ રહી હતી. દરમિયાન સર્કલ પાસે બ્રીજની નીચે જમવાનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું. જેથી ખુશ્બુ ત્યાં જમવાનું લેવા ગઈ હતી. ત્યારે એક અજાણી મહિલાએ ખુશ્બૂને ત્યાંથી ભગવતી વખતે તેએ લાત મારી હતી અને તે લાત પિયુષ વાગી જતા તે નીચે પડ્યો હતો.

# કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા 'વૈચારિક ક્રાંતિ દ્વારા માનસ પરિવર્તન' પરિસંવાદ યોજાયો

**દ્રષ્ટિકોણ-સુરત :** કાશીબા ગોટી ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા દેશનાં ૧૮ રાજ્યોમાં શાળા ભવનોના નિર્માણનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ શ્રી કેશુભાઈ ગોટીના ૩૫૧ શાળા ભવનોનું નિર્માણ કરવાના શુભ સંકલ્પ પૈકી ૨૬૫ ભવનોનું નિર્માણકાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે અને ૫૦ જેટલાં ભવનોનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ છે. શાળા નિર્માણ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા 'વૈચારિક ક્રાંતિ અભિયાન', 'કુપોષણ મુક્તિ અભિયાન' અને 'શિક્ષા સાથી અભિયાન' જેવાં સામાજિક ઉત્થાનનાં કાર્યો પણ સતત કરવામાં આવી રહ્યાં છે.



વૈચારિક ક્રાંતિ અભિયાન અંતર્ગત ૧૨૯મા સેમિનારનું આયોજન ગાંધી આશ્રમ, ઝીલીઆ, તા. ચાણસ્મા, જિ. પાટણ ખાતે સંસ્થાના સ્થાપક અને પદ્મશ્રી માલજીભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કર્મયોગી વક્તા શ્રી રાજેશકુમાર ધામેલિયાએ પોતાનાં લખેલાં પુસ્તકો પદ્મશ્રી માલજીભાઈ દેસાઈને અર્પણ કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. આ સેમિનારમાં બી.એમ. શાહ મહાવિદ્યાલય, ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને વાલ્મીકિ આશ્રમશાળાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. કાર્યક્રમનો શુભારંભ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ગાંધી આશ્રમ, ઝીલીઆના વ્યવસ્થાપક શ્રી લાલુભાઈ માલજીભાઈ દેસાઈએ વક્તા શ્રી રાજેશકુમાર ધામેલિયાને સૂતરની આંટી પહેરાવી ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.

## દમણ પોલીસની ડ્રગ્સ સામે મોટી કાર્યવાહી

# કારમાંથી અઢી કિલો ગાંજો મળ્યો, પૂછપરછમાં વાપીનું કનેક્શન ખુલ્યું; રેડમાં વધુ ૧૦ કિલો જપ્ત

### કોસ્ટલ પોલીસે બે મુખ્ય સાગરીતોને ઝડપી કુલ ૧૨.૬૦૭ કિલો ગાંજો કબજે કર્યો; NDPS એક્ટ સાથે ગુનાહિત કાવતરાની કલમ ૨૯ હેઠળ કાર્યવાહી

**દ્રષ્ટિકોણ-દમણ :** નશાકારક પદાર્થો સામે ચાલી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત મોટી દમણ કોસ્ટલ પોલીસે આંતરરાજ્ય ગાંજા સપ્લાય નેટવર્ક સામે કાર્યવાહી કરી છે. પોલીસે કુલ ૧૨.૬૦૭૭ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. દમણમાં કારમાંથી ગાંજો ઝડપાયા બાદ આરોપીની પૂછપરછમાં વાપીનું કનેક્શન સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે વાપીમાં રેડ કરી વધુ ૧૦.૦૧૦ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો.

ગુરુવારે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કોસ્ટલ પોલીસે મોટી દમણના પટલારા નજીક શંકાસ્પદ કાર નંબર ૬૬-૦૩-ઊ-૬૫૦૨ને અટકાવી હતી. પોલીસે કારની તપાસ કરતાં તેની ડેકીમાંથી ૨.૫૯૭ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે કારચાલક અંકિત રાજકુમાર ગુપ્તાની સ્થળ પરથી જ ધરપકડ કરી હતી. અંકિત ગુપ્તાની સઘન પૂછપરછ દરમિયાન પોલીસે ડ્રગ્સના મુખ્ય સપ્લાયર તરીકે સૌરભ રાય સિંહનું નામ મેળવ્યું હતું. ત્યારબાદ પોલીસે તપાસનો દોર આગળ વધારી શુક્રવારે સૌરભ રાય સિંહની પણ ધરપકડ કરી હતી.

સૌરભની પૂછપરછ દરમિયાન મળેલી માહિતી અને સરનામાના આધારે પોલીસે ગુજરાતના વાપીમાં ટાર્ગેટ રેડ કરી હતી. આ દરમિયાન એક સ્થળેથી સંતાડીને રાખવામાં આવેલો વધુ ૧૦.૦૧૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. દમણ અને વાપીમાં કરવામાં આવેલી બંને કાર્યવાહીમાં પોલીસે કુલ ૧૨.૬૦૭૭ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે. સમગ્ર કેસમાં દ્રઢ્ઢજી એક્ટની જોગવાઈઓ ઉપરાંત ગુનાહિત કાવતરાની કલમ ૨૯ પણ ઉમેરવામાં આવી છે. દમણ પોલીસે આ કેસમાં ગાંજાના સપ્લાયના બેકવર્ડ અને ફોરવર્ડ લિંકેજ અંગે વધુ તપાસ હાથ ધરી છે. નશીલા પદાર્થોના નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકોની ભૂમિકા અંગે પણ તપાસ ચાલી રહી છે.

# આહવા સિવિલ હોસ્પિટલના બાયોમેડિકલ વેસ્ટનું રહેણાંક નજીક નિકાલ કરવાનું કૌભાંડ

### રહેણાંક નજીક ખાડો ખોદી કચરો દાટ્યાના આક્ષેપથી ચકચાર: સંભવિત ચેપકારક અને જોખમી બાયોમેડિકલ કચરાના નિકાલ અંગે ગંભીર પ્રશ્નો સર્જાયા



**દ્રષ્ટિકોણ-ડાંગ :** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં બાયોમેડિકલ વેસ્ટના નિકાલને લઈને ગંભીર સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી બાયોમેડિકલ વેસ્ટ ઉઠાવીને નજીકના રહેણાંક વિસ્તાર પાસે આવેલી જૂની ટી.બી. હોસ્પિટલના પરિસરમાં ખાડો ખોદી દાટવામાં આવ્યો હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, બાયોમેડિકલ વેસ્ટ માટે ખાડો ખોદીને તેમાં કચરો નાખવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેને માટીથી ઢાંકી દેવામાં આવ્યો હોવાનું કહેવાય છે. જો આ બાબત સાચી હોય તો હોસ્પિટલમાંથી નીકળતા સંભવિત ચેપકારક અને જોખમી બાયોમેડિકલ કચરાના નિકાલ અંગે ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. સૌથી મોટો સવાલ એ છે કે રહેણાંક વિસ્તારની નજીક બાયોમેડિકલ વેસ્ટ દાટવાની મંજૂરી કયા નિયમો હેઠળ આપવામાં આવી? બાયોમેડિકલ કચરાના યોગ્ય વર્ગીકરણ, સંગ્રહ, પરિવહન અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલની વ્યવસ્થા હોવા છતાં જો હોસ્પિટલ પરિસરમાં જ ખાડો ખોદીને આવો કચરો દાટવામાં આવ્યો હોય તો આ સમગ્ર પ્રક્રિયાની તપાસ થવી જરૂરી બની છે.

### હોસ્પિટલ તંત્રની જવાબદારી શું?

આ સમગ્ર મામલે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટની જવાબદારી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. બાયોમેડિકલ વેસ્ટના નિકાલ માટે હોસ્પિટલમાં કઈ વ્યવસ્થા છે? તા. ૨૭ સપ્ટેમ્બરે કચરો કોણે ઉઠાવ્યો? જૂની ટી.બી. હોસ્પિટલના પરિસરમાં ખાડો ખોદવાની મંજૂરી કોણે આપી? કચરામાં કયા પ્રકારનો બાયોમેડિકલ વેસ્ટ હતો? અને તેનો નિકાલ કઈ મંજૂર પ્રક્રિયા મુજબ કરવામાં આવ્યો? આ તમામ સવાલોના જવાબ હોસ્પિટલ તંત્ર અને સંબંધિત આરોગ્ય વિભાગે જાહેર કરવા જોઈએ.

### તંત્ર તાત્કાલિક સ્થળ તપાસ કરે તેવી માંગ

આ મામલે માત્ર કાગળ પર જવાબ આપવાને બદલે સંબંધિત આરોગ્ય અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરી, દાટવામાં આવેલા કચરાનો પ્રકાર અને નિકાલની પદ્ધતિની તપાસ કરવામાં આવે, તેવી માંગ ઉઠી રહી છે.જો નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું તપાસમાં સામે આવે તો જવાબદાર વ્યક્તિઓ સામે નિયમ મુજબ કાર્યવાહી થવી જોઈએ. કારણ કે જાહેર આરોગ્ય સાથે સંકળાયેલા બાયોમેડિકલ વેસ્ટના નિકાલમાં બેદરકારી માટે કોઈપણ પ્રકારની ઢીલ સ્થાનિકોના આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.

સ્થાનિકોમાં એવી પણ ચિંતા વ્યક્ત થઈ રહી છે કે બાયોમેડિકલ વેસ્ટ જમીનમાં દાટવાથી વરસાદી પાણી, જમીન અને આસપાસના વાતાવરણ પર કોઈ પ્રતિકૂળ અસર તો નહીં થાય ને? ખાસ કરીને રહેણાંક વિસ્તાર નજીક આવી કામગીરી કરવામાં આવી હોય તો આસપાસના લોકોના આરોગ્ય અંગે પણ તંત્રએ સ્પષ્ટતા કરવી જરૂરી છે. હવે જોવાનું એ રહેશે કે આ ગંભીર આક્ષેપો અંગે આહવા સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ અને જિલ્લા આરોગ્ય તંત્ર શું સ્પષ્ટતા કરે છે અને સ્થળ તપાસ ક્યારે હાથ ધરે છે?

# વલસાડમાં રવિવારે સફાઈનું મહાઅભિયાન, ૧૯૦થી વધુ કચેરીઓની ટીમો મેદાનમાં



**દ્રષ્ટિકોણ-વલસાડ,** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવા આજે રવિવારે વિશેષ ‘સન્ડે સ્વચ્છતા ડ્રાઇવ’ યોજાઈ હતી. કલેકટર નીતિન સાંગવાનના નેતૃત્વ હેઠળ જિલ્લાના ૧૯૦થી વધુ કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓએ સવારે ૮થી ૧૦ વાગ્યા સુધી વિવિધ વિસ્તારોમાં શ્રમદાન કર્યું હતું.

કલેકટર નીતિન સાંગવાનની ટીમે લીલાપોરથી છીપવાડ રોડ, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની ટીમે લીલાપોર સર્કલથી ઔરંગા નદી પુલ સુધી અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની ટીમે બસ સ્ટેશનથી આરપીએફ ગ્રાઉન્ડ સુધી સફાઈ હાથ ધરી હતી.

અભિયાન દરમિયાન જાહેર માર્ગો પર લાંબા સમયથી પડેલો કચરો, ભંગાર સામાન અને જૂના વાહનો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા. પાન-માવા અને ગુટખા ખાનારાઓને રસ્તા પર કચરો ન ફેંકવા કડક સૂચના આપી, નિયમનો ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. દુકાનદારો, વેપારીઓ અને લારી-ગલ્લાવાળાઓને પણ આસપાસ ગંદકી ન ફેલાવવા તથા કચરાપેટીનો ઉપયોગ કરવા સૂચના અપાઈ હતી.વલસાડ શહેર ઉપરાંત ઉમરગામ, પારડી, ધરમપુર નગરપાલિકા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ સફાઈ અભિયાન યોજાયું હતું. ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ, મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, બજારો, બસ અને રેલવે સ્ટેશન સહિતના વિસ્તારોને આવરી લેવાયા હતા.

તંત્રની કામગીરી સાથે લોકો પણ સ્વયંશિસ્ત જાળવી કચરો ગમે ત્યાં ન ફેંકે અને કચરાપેટીનો જ ઉપયોગ કરે તેવી અપીલ કરવામાં આવી હતી.

# ખેલ મહાકુંભમાં બહેજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો શાનદાર દેખાવ



**દ્રષ્ટિકોણ-ખેરગામ,** ખેલ મહાકુંભ અંતર્ગત ગીતામંદિર હાઈસ્કૂલ ખાતે યોજાયેલી યોગા અને ચેસ સ્પર્ધામાં બહેજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અનેક વિજય મેળવ્યા હતા. રમતવીર શિક્ષક પ્રવીણભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.યોગા સ્પર્ધામાં પાર્થ વિ. પટેલ અને હેની ર. અટારા પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. જ્યારે પ્રિયાશી રા. પટેલે દ્વિતીય અને વિનય ભ. પટેલે તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ બદલ શાળાને કુલ ૧૫ પોઈન્ટ મળ્યા હતા. ચેસ સ્પર્ધામાં અંડર-૧૪ કેટેગરીમાં જેનિશ નિ. પટેલ અને પ્રિયાશી નિ. બોરછા, જ્યારે અંડર-૧૧ કેટેગરીમાં નીત દિ. મામલા અને જહાન્વી પ. પટેલ પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. અંડર-૧૧માં ભવ્યા વિ. પટેલે તૃતીય સ્થાન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ રમતગમત કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ખારેલ ઓવરબ્રિજ નીચેથી ૩.૪૦ લાખના દારૂ-બિયર સાથે ટેમ્પો ચાલક ઝડપાયો



**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવી પોલીસે શનિવારે ને.હા.નં.૪૮ ખારેલ ઓવરબ્રિજ નીચેથી વિદેશી દારૂ ભરેલો ટાટા એસ ટેમ્પો ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસે દારૂ-બિયર, ટેમ્પો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૫,૯૫,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો મંગાવનાર તથા પહોંચાડનાર અન્ય શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગણદેવી પોલીસેનબાતમીના આધારે પોલીસે ખારેલ ઓવરબ્રિજ નીચે વોચ ગોઠવી શંકાસ્પદ ટાટા એસ ટેમ્પો નં. ય્ન-૧૫-છ્ફ-૩૪૧૦ને અટકાવ્યો હતો. ટેમ્પોની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બિયરના કુલ ૧,૧૫૨ નંગ ટીન-બોટલ મળી આવી હતી, જેની કુલ કિંમત રૂ.૩,૪૦,૮૦૦ હોવાનું પોલીસે જણાવ્યું છે.પોલીસે આ ઉપરાંત રૂ.૨.૫૦ લાખની કિંમતનો ટેમ્પો અને રૂ.૫,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫,૯૫,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કાર્યવાહીમાં પોલીસે ટેમ્પો ચાલક નરેન્દ્રસીંગ લાલજીસિંહ પરસ્તે (ઉં.વ.૨૭, રહે. ઉમરગામ, મૂળ મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન દારૂનો જથ્થો ભરાવી આપનાર તથા મંગાવનાર તરીકે વડોદરા ખાતે રહેતા સોનુસિંગ અને કાકા ને વોન્ટેડ જાહેર કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ગણદેવી પીઆઈ એનઆઈ રાઠોડ એ વધુ તપાસ હાથ ધરી છે.

## વાંસદાના ચઢાવ ગામે પોસ્ટ વિભાગની બેદરકારી!

# નદી કિનારે ATM કાર્ડ, પાસબૂક અને આધારકાર્ડ સહિતની ટપાલો વેરવિખેર મળી

### ઉનાઈ-બારતાડ પોસ્ટ ઓફિસથી ચાર ગામોમાં પહોંચાડવાના મહત્વના દસ્તાવેજો કચરાની જેમ નદી કિનારે મળ્યા, પોલીસ દ્વારા તમામ દસ્તાવેજો કબજે કરી તપાસ શરૂ



**દ્રષ્ટિકોણ-ઉનાઈ,**વાંસદા તાલુકાના ચઢાવ ગામે ઉનાઈ-વાંસદા હાઈવે નં. ૫૬ નજીક કોષ ખાડી નદીના કિનારે પોસ્ટ વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. ઉનાઈ-બારતાડ પોસ્ટ ઓફિસ મારફતે ચાર ગામોમાં પહોંચાડવાના જરૂરી દસ્તાવેજો નદી કિનારે વેરવિખેર હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી છે.નદી કિનારે મળી આવેલા દસ્તાવેજોમાં બેંક એટીએમ કાર્ડ, બેંક પાસબૂક, ચેકબૂક, પોસ્ટ પાસબૂક, આધારકાર્ડ સહિતના મહત્વના દસ્તાવેજોનો સમાવેશ થાય છે. આ ટપાલો ચઢાવ, ચરવી, ઉનાઈ અને બારતાડ એમ ચાર ગામના લોકોની હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોએ ઘટનાની જાણ પોસ્ટ ઓફિસના કર્મચારીઓને કરતાં પણ કોઈ કર્મચારી સ્થળ પર પહોંચ્યો ન હતો. અંતે સમગ્ર મામલે ઉનાઈ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી નદી કિનારે વેરવિખેર પડેલા તમામ દસ્તાવેજો એકત્ર કરી ઉનાઈ પોલીસ સ્ટેશન ખાતે લઈ ગઈ હતી.

ખાસ વાત એ છે કે, જે મહત્વની ટપાલોની લોકો મહિનાઓથી રાહ જોઈ રહ્યા હતા, તે જ ટપાલો નદી કિનારે કચરાની જેમ ફેંકાયેલી મળી આવી છે. દસ્તાવેજો નદી કિનારે કોણે અને શા માટે ફેંક્યા તે અંગે હાલ કોઈ સ્પષ્ટ પુરાવો મળ્યો નથી.

બેંકિંગ અને ઓળખ સંબંધિત સંવેદનશીલ દસ્તાવેજો આ રીતે જાહેર સ્થળે મળી આવતાં લોકોમાં પોસ્ટ વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. સમગ્ર મામલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

લોકોના અંગત અને મહત્વના દસ્તાવેજો સાથે આવી બેદરકારી દાખવનાર સામે હવે તંત્ર શું પગલાં ભરે છે તે જોવું રહ્યું.

# પોલીસ સ્ટેશનમાં જ ઘૂસ્યો રૂખઈ સાપ, પોલીસમાં દોડધામ!

### જીવદયા ગ્રુપે તાત્કાલિક પહોંચી બિનઝેરી સાપનું રેસ્ક્યુ કર્યું, જંગલમાં સુરક્ષિત મુક્ત કર્યો



**દ્રષ્ટિકોણ-પારડી, વલસાડઃ** પારડી પોલીસ સ્ટેશનમાં અચાનક રૂખઈ જાતિનો બિનઝેરી સાપ ઘૂસી આવતાં પોલીસ કર્મચારીઓ સહિત સ્ટાફમાં થોડા સમય માટે દોડધામ મચી હતી. પોલીસ સ્ટેશનના પરિસરમાં સાપ નજરે પડતાં કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલાં જીવદયા ગ્રુપ પારડીને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ ગ્રુપના સભ્યો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા.

જીવદયા ગ્રુપના પ્રમુખ અલીભાઈ અંસારીના માર્ગદર્શન હેઠળ સભ્ય યાસીન મુલતાની પારડી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે જરૂરી સાવચેતી રાખી સાપને સુરક્ષિત રીતે પકડી તેનું રેસ્ક્યુ કર્યું હતું. સાપ બિનઝેરી જાતિનો હોવાનું જણાતા ઉપસ્થિત પોલીસ કર્મચારીઓ અને અન્ય લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સાપને પકડ્યા બાદ તેને કોઈપણ પ્રકારની ઈજા ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. રેસ્ક્યુની કામગીરી પૂર્ણ થયા બાદ સાપને રહેણાંક તથા માનવ વસાહતથી દૂર જંગલ વિસ્તારમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં તેને કુદરતી વાતાવરણમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

પોલીસ સ્ટેશન જેવી જાહેર અને સતત અવરજવરવાળી જગ્યાએ સાપ દેખાતાં શરૂઆતમાં કર્મચારીઓમાં ચિંતા જોવા મળી હતી. જોકે, જીવદયા ગ્રુપને જાણ થતાં જ તેની ટીમે સમયસર પહોંચી પરિસ્થિતિ સંભાળી લેતાં સાપને પણ બચાવી લેવાયો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી.

જીવદયા ગ્રુપના સભ્યોની તાત્કાલિક કામગીરીની ઉપસ્થિત લોકોએ પ્રશંસા કરી હતી. રહેણાંક વિસ્તાર કે જાહેર સ્થળે સાપ દેખાય ત્યારે તેને મારવાને બદલે સાવચેતી રાખી તાલીમબદ્ધ રેસ્ક્યુ ટીમને જાણ કરવી જોઈએ. આવી કામગીરીથી માનવજીવનની સુરક્ષા સાથે વન્યજીવોનું પણ રક્ષણ થઈ શકે છે.

# ખેરગામ ગ્રામસભામાં બાયપાસના જમીન સંપાદન મુદ્દે ખેડૂતોનો વિરોધ

**દ્રષ્ટિકોણ-ચીખલી,** ગાંધી જયંતિના અવસરે ખેરગામ ગ્રામ પંચાયતના કોમ્યુનિટી હોલ માં સરપંચ ઝરણાબેન પટેલના અધ્યક્ષસ્થાને ખાસ ગ્રામસભા યોજાઈ હતી. ગ્રામસભામાં ચીખલી-ખેરગામ-ધરમપુર બાયપાસના નવા અલાઈનમેન્ટ માટે થનારા જમીન સંપાદનનો મુદ્દો ચર્ચામાં આવતાં અસરગ્રસ્ત ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.ખેડૂતોએ જમીન સંપાદન અંગે પોતાની રજૂઆતો કરી વાંધો વ્યક્ત કરતા



ગ્રામસભામાં વાતાવરણ તંગ બન્યું હતું. આ મુદ્દે લાંબી ચર્ચા થતાં પીવાના પાણી, ટ્રાફિક, ગટરલાઈન, સ્ટ્રીટલાઈટ અને કચરા વ્યવસ્થાપન સહિતના અન્ય પ્રશ્નો પર પૂરતી ચર્ચા થઈ શકી નહોતી.જમીન સંપાદન મુદ્દે અસરગ્રસ્ત ખેડૂતોમાં પણ મતભેદ જોવા મળ્યા હતા. કેટલાક ખેડૂતો યોગ્ય વળતર મળે તો જમીન આપવા તૈયાર હોવાનું જણાવાયું હતું, જ્યારે કેટલાકે જમીન આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આ મુદ્દે અસરગ્રસ્ત ખેડૂતો સાથે અલગથી બેઠક યોજવા સૂચન કરવામાં આવ્યું હતું.દરમિયાન ખેરગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. પીનલબેન ચૌધરી દ્વારા ગ્રામજનોને સાયબર છેતરપિંડીથી બચવા, અજાણી લિંક ન ખોલવા તેમજ ઓટીપી અને બેંકિંગ વિગતો કોઈ સાથે શેર ન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ખેરગામમાં ખેલ મહાકુંભની એથ્લેટિક્સ સ્પર્ધામાં બહેજ પ્રાથમિક શાળાનો દબદબો



**દ્રષ્ટિકોણ-ખેરગામઃ** ખેરગામ દાદરા ગ્રાઉન્ડ ખાતે તા. ૧ ઓક્ટોબરના રોજ ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું હતું.

સ્પર્ધામાં શાળાના ૧૩ વિદ્યાર્થીઓએ પ્રથમ, ૧૦ વિદ્યાર્થીઓએ દ્વિતીય અને ૪ વિદ્યાર્થીઓએ તૃતીય ક્રમ મેળવી કુલ ૨૭ ઈવેન્ટમાં વિજય મેળવ્યો હતો. આ શાનદાર પ્રદર્શનના પગલે ૧૫ વિદ્યાર્થીઓ ૨૩ રમતોમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી પામ્યા છે.વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય સેજલભાઈ, ટીપીઓ મનિષભાઈ, માજી જિલ્લા પ્રમુખ ભીખુભાઈ આહિર, તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ દિવ્યેશભાઈ, બીઆરસી શ્રી વિજયભાઈ સહિત શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિદ્યાર્થીઓએ શાળા પરિસરની સફાઈ કરી ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’નો સંદેશ આપ્યો

# વાંસદાની પ્રતાપ હાઈસ્કૂલમાં ગાંધી જયંતીએ સ્વચ્છતા અભિયાન અને શ્રમદાન

**દ્રષ્ટિકોણ-વાંસદાઃ** વાંસદા તાલુકાની પ્રતાપ હાઈસ્કૂલ ખાતે ગાંધી જયંતી તથા લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતીની ઉજવણી નિમિત્તે સ્વચ્છતા અભિયાન અને શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય જયદીપસિંહ પરમાર, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધી તથા લાલ બહાદુર શાસ્ત્રીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.ત્યારબાદ વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવી ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’નો સંદેશ આપવામાં આવ્યો હતો. શાળાના એન.એસ.એસ. અને એન.સી.સી.ના સ્વયંસેવકો, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ શ્રમદાન કરી વર્ગખંડો, પ્રયોગશાળા, રમતગમતનું મેદાન સહિત સમગ્ર શાળા પરિસરની સફાઈ કરી હતી. સફાઈ દરમિયાન એકત્રિત થયેલા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ



પ્લાસ્ટિકના વધુ પડતા ઉપયોગથી પર્યાવરણને થતા નુકસાન અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શિક્ષકો-વિદ્યાર્થીઓ ઉપરાંત તાલુકા કેળવણી મંડળના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ શાંતિ માટે ખતરો બનતું ઈરાન

## તંત્રી લેખ

હિઝબુલ્લાના વડા હસન નસરુલ્લાના ઈઝરાયલી હુમલામાં સફાયા બાદ પશ્ચિમી એશિયામાં તણાવની આગ ઓર ભડકી છે. નસરુલ્લાના મોતના જવાબમાં ઈરાને ઈઝરાયલ પર મિસાઈલોથી હુમલો કર્યો. ઈઝરાયેલા આ મિસાઈલ હુમલાનો બદલો લેવાના સોગંદ પણ ખાધા છે. તેના પહેલાં ઈઝરાયલ અને ઈરાનમાં હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાને પણ ફૂંકી માર્યો હતો, પરંતુ ત્યારે ઈરાને ઈઝરાયલ પર કોઈ સીધી સૈન્ય કાર્યવાહી નહોતી કરી. આ વખતે લેબેનોનમાં વિભિન્ન ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં વિસ્ફોટો દ્વારા હજારો હિઝબુલ્લા આતંકીઓ ઘાયલ થવા અને કેટલાય માર્યા ગયા અને પછી નસરુલ્લાના મોત બાદ ઈરાન અત્યંત મજબૂર દેખાવા લાગ્યું અને તેના દ્વારા સમર્થિત વિભિન્ન આતંકી જૂથોની અંદર જ ઈરાનની ઈઝરાયલ નીતિ પ્રત્યે અવાજો ઉઠવા લાગ્યા હતા.

ઈરાનમાં ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિને કારણે આયતુલ્લા ખોમેનીના નેતૃત્વમાં બનેલી કટ્ટરપંથી ઈસ્લામિક સરકારે આખા પશ્ચિમ એશિયામાં આતંકીઓની જાળ બિછાવી. ઈસ્લામિક જગતનું નેતૃત્વ શિયા વર્ગના હાથમાં લેવા માટે ખોમેનીના નેતૃત્વવાળા ઈરાની શાસનતંત્રએ આખા વિશ્વના મુસ્લિમ માનસને પ્રભાવિત કરનારા પેલેસ્ટાઈનના મુદ્દાને પસંદ કર્યો અને ઈઝરાયલ વિરુદ્ધ સશસ્ત્ર સંઘર્ષ છેડવા માટે હિઝબુલ્લા જેવા આતંકી સંગઠનોને સમર્થન આપવાનું શરૂ કર્યું. શિયા અને સુન્ની ઈસ્લામના સમીકરણોની એક ખાસ વાત એ છે કે કોઈ સુન્ની મુસલમાન શિયા પણ બની શકે છે, કારણ કે મુસ્લિમ જગતમાં શિયા અલ્પસંખ્યક છે. તેથી ખોમેનીના કઠમુલ્લા તંત્ર માટે એ જરૂરી હતું કે તે સુન્ની અતિવાદીઓના પણ એક વર્ગને પોતાની સાથે લે. જોકે મોટાભાગના સુન્ની કટ્ટરવાદી શિયા ઈસ્લામના કટ્ટર વિરોધી છે અને આર્થિક રૂપે સુન્ની અરબ દેશો પર નિર્ભર છે, તેથી ઈરાન માટે આ પસંદગી આસાન ન હતી. એવામાં સુન્ની મુસ્લિમ બ્રધરહૂડનું પેલેસ્ટાઈની એકમ એટલે કે હમાસ ઈરાનનું ઓજાર બન્યું.

ખોમેનીએ ઈસ્લામિક શાસનનું જે કટ્ટરવાદી મોડેલ મુસ્લિમ જગત સામે રજૂ કર્યું, તેનાથી દુનિયાભરના કટ્ટરપંથીઓ પ્રભાવિત થયા. તેનું એક પરિણામ એ આવ્યુ કે અરબ જગતની તમામ સેક્યુલર સરકારો અને તાનાશાહો ધીમે ધીમે પોતાની લોકપ્રિયતા ગુમાવતાગયા અને ઈસ્લામિક કટ્ટરપંથી મજબૂત થતા ગયા. જે સુન્ની રાજશાહીઓ આ લહેરથી બચી પણ શકી, તેમણે પોતાની ઉપર દબાણ હટાવવા માટે બીજા દેશોમમાં સુન્ની જેહાદી સંગઠનોનું સમર્થન કરવાનું શરૂ કર્યું, જેનું પરિણામ અલકાયદાથી લઈને તાલિબાન જેવા તમામ સુન્ની આતંકી સંગઠનોના ઉદય રૂપે થઈ. અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર તો ખોમેનીના કઠમુલ્લા શાસનનું જ સંસ્કરણ હતી. તાલિબાન સરકાર ૧૯૯૬માં સત્તામાં આવતાં તેને ત્રણ દેશોની જ માન્યતા મળી હતી - સઉદી અરબ, સંયુક્ત અરબ અમીરાત અને પાકિસ્તાન. તેમાંથી પહેલા બે દેશોનો ઉદ્દેશ્ય ઈરાન સાથે જોડાયેલા અફઘાનિસ્તાનમાં ખોમેનીના શિયા ઈસ્લામિક રાષ્ટ્ર જેવું જ એક પ્રતિયોગી સુન્ની શાસનતંત્ર ઊભું કરવું હતું, જેનો વડો પણ એક કટ્ટરપંથી મૌલાના હોય અને જ્યાં સુન્ની કટ્ટરપંથીઓને એકઠા રાખીને તેમની શક્તિને બીજા દેશો તરફ નિર્દેશિત રાખી શકાય. ખોમૈનીની ઈસ્લામિક ક્રાંતિનો વધુ એક પ્રભાવ એ પણ થયો કે દુનિયાભરના અશાંત મુસ્લિમ ક્ષેત્રોના લોકોને લાગ્યું કે હિંસાના માધ્યમથી સત્તાને પલટી શકાય છે. ખોમૈનીએ મુસ્લિમ જગતમાં પોતાની સ્વીકાર્યતા વધારવા માટે એ ભાવનાને ખૂબ હવા પણ આપી અને પેલેસ્ટાઈનથી લઈને કાશ્મીર સુધીના મુસલમાનોને પોતાના ભાષણો દ્વારા ઉશ્કેર્યા. ઈરાનના વધતા પ્રભાવને રોકવા માટે સુન્ની દેશોએ આતંકી સંગઠનોની સહાયતા કરી. આ પ્રકારે આ એક દુષ્ચક્ર બની ચૂક્યું છે, જેને કારણે લાખો લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.

ભારતના ઈરાન સાથે સંબંધો ઠીકઠાક જ રહ્યા છે અને સુન્ની પાકિસ્તાનને કાબૂમાં રાખવા માટે બંને દેશોએ કેટલાય સ્તરો પર સાથે કામ પણ કર્યું છે, પરંતુ ઈરાન દ્વારા આ સંબંધ માત્ર અહીં સુધી જ સીમિત રહ્યો છે. તે પાકિસ્તાનના સુન્ની કટ્ટરપંથીઓને માત્ર પોતાના પર હાવી નથી થવા દેવા માગતું. ખોમેનીના કઠમુલ્લાવાદમાં પણ ભારત માટે તેનાથી વધુ જગ્યા નથી. હમણાં હિઝબુલ્લા પર ઈઝરાયીલ હુમલાના થોડા દિવસ પહેલાં જ ભારતમાં મુસલમાનોની દશાની પેલેસ્ટાઈન સાથે તુલના કરતાં ખોમેનીએ એક ભડકાઉ ટ્વીટ કરી હતી. પરંપરાગત રૂપે ઈરાન ભારત અને તેના ભાગોમાં સક્રિય રહેલી કટ્ટરપંથી શક્તિઓના સંરક્ષકની ભૂમિકા નિભાવતું આવ્યું છે. ભારતમાંથી ઉખાડી ફેંકાતાં હુમાયુએ ઈરાનના શાહની સહાયતાથી જ મુગલ સામ્રાજ્યને ભારતમાં ફરીથી સ્થાપિત કર્યું હતું. જ્યારે ઔરંગઝેબ બાદ મુગલ કમજોર પડ્યા તો નાદિર શાહ ભારતીયોની લૂંટેલી અપાર ધનસંપદાને ઈરાન લઈ ગયો. નાદિર શાહ બાદ તેના સેનાપતિ અહમદ શાહ અબ્દાલીએ ભારત પર કેટલાય હુમલા કરીને મરાઠાઓનો વિસ્તાર રોક્યો અને મુગલોને પતનથી બચાવ્યા.૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પહેલાં ઈરાનના શાહે કરાચી બંદરની રક્ષા માટે પાકિસ્તાન સાથે ગુપ્ત સમજૂતી કરી હતી. ભારતને એ સંદેશો પણ મોકલાવ્યો હતો કે જો તેણે પશ્ચિમી પાકિસ્તાન પર હુમલો કર્યો તો ઈરાની સેનાઓ આગળ વધીને પાકિસ્તાનની રક્ષા કરશે.

# સંત રવિદાસ જન્મજયંતિ : સમાનતા અને માનવતાનો સંદેશ આપનાર મહાન સંત



સંત રવિદાસ ભારતીય ભક્તિ આંદોલનના મહાન સંત, સમાજસુધારક અને આધ્યાત્મિક વિચારક તરીકે જાણીતા છે. તેમણે પોતાના જીવન અને વાણી દ્વારા સમાજમાં વ્યાપેલી ઊંચ-નીચ, ભેદભાવ અને અસ્પૃશ્યતા સામે માનવ સમાનતાનો મજબૂત સંદેશ આપ્યો હતો. તેમની રચનાઓમાં ભક્તિ સાથે માનવતા, પ્રેમ, કરુણા અને સદાચારને વિશેષ સ્થાન મળ્યું છે. સંત રવિદાસની જન્મજયંતિ દર વર્ષે શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે.

સંત રવિદાસનો જન્મ વારાણસી નજીકના સીર ગોવર્ધનપુરમાં થયો હોવાનું પરંપરાગત રીતે માનવામાં આવે છે. તેમનું જીવન અત્યંત સાદગીપૂર્ણ હતું. તેઓ વ્યવસાયે ચર્મકાર હતા, પરંતુ તેમની આધ્યાત્મિક પ્રતિભા અને લોકકલ્યાણના વિચારોને કારણે તેઓ સમગ્ર દેશમાં આદરણીય બન્યા. તેમણે લોકોને સમજાવ્યું કે વ્યક્તિનું મહત્ત્વ તેની જાતિ, જન્મ કે સામાજિક દરજ્જાથી નહીં પરંતુ તેના કર્મ, વિચારો અને માનવતાથી નક્કી થવું જોઈએ.

સંત રવિદાસની ભક્તિધારામાં ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા સાથે સામાજિક સમાનતાનો વિચાર કેન્દ્રસ્થાને જોવા મળે છે. તેમની વાણીમાં એવો સમાજ રચવાની કલ્પના જોવા મળે છે જ્યાં કોઈ ભૂખ્યું ન રહે, કોઈ નાનું-મોટું ગણાય નહીં અને દરેક વ્યક્તિને સન્માન સાથે જીવવાનો અધિકાર મળે. તેમની પ્રસિદ્ધ રચનાઓમાં 'બેગમપુરા'ની કલ્પના ખાસ નોંધપાત્ર છે, જેમાં દુઃખ, ભય અને ભેદભાવથી મુક્ત એવા આદર્શ સમાજનું સ્વપ્ન રજૂ કરવામાં આવ્યું છે.

તેમના ઉપદેશોમાં અંધશ્રદ્ધા કરતાં સારા કર્મ, શુદ્ધ મન અને નિષ્કપટ ભક્તિને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. સંત રવિદાસ માનતા હતા કે ઈશ્વરની પ્રાપ્તિ માટે માત્ર બાહ્ય આડંબર જરૂરી નથી, પરંતુ મનની શુદ્ધતા અને માનવસેવા વધુ મહત્વપૂર્ણ છે. તેમણે સામાન્ય લોકો સમજી શકે તેવી સરળ ભાષામાં ભક્તિ અને જીવનમૂલ્યોનો સંદેશ આપ્યો, જેના કારણે તેમની વાણી સમાજના વિવિધ વર્ગોમાં લોકપ્રિય બની.

સંત રવિદાસની વાણીનો પ્રભાવ માત્ર તેમના સમય પૂરતો સીમિત રહ્યો નથી. તેમની કેટલીક રચનાઓ ગુરુ ગ્રંથ સાહિબમાં પણ સમાવિષ્ટ છે, જે તેમના આધ્યાત્મિક વિચારોના વ્યાપક પ્રભાવને દર્શાવે છે. ઉત્તર ભારત સહિત દેશના અનેક વિસ્તારોમાં તેમના અનુયાયીઓ દ્વારા મંદિરો, ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન, શોભાયાત્રા અને સામાજિક સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.આજના સમયમાં પણ સંત રવિદાસના વિચારોની પ્રાસંગિકતા જોવા મળે છે. સમાજમાં સમાનતા, ભાઈચારો, સામાજિક ન્યાય અને માનવ ગૌરવના મૂલ્યોને મજબૂત બનાવવા માટે તેમની વાણી પ્રેરણારૂપ બની શકે છે. જન્મજયંતિની ઉજવણી માત્ર ધાર્મિક પ્રસંગ ન બની રહે, પરંતુ તેમના જીવનસંદેશને વ્યવહારમાં ઉતારવાનો સંકલ્પ બને તો તે સંત રવિદાસને સાચી શ્રદ્ધાંજલિ બની શકે.

# વિશ્વ પશુ દિવસ : મૂંગા જીવો પ્રત્યે માનવતાની જવાબદારીનો સંદેશ

દર વર્ષે ૪ ઓક્ટોબરે વિશ્વ પશુ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ પશુ-પક્ષીઓ પ્રત્યે લોકોમાં પ્રેમ, કરુણા, સંવેદના અને જવાબદારીની ભાવના વિકસાવવાનો છે. માનવજાતના જીવનમાં પશુઓનું મહત્વ માત્ર પાલતુ પ્રાણી પૂરતું મર્યાદિત નથી, પરંતુ પર્યાવરણનું સંતુલન જાળવવામાં પણ તેમનું મહત્વપૂર્ણ યોગદાન છે.



વિશ્વમાં કરોડો લોકો પશુઓને પોતાના પરિવારના સભ્યની જેમ ઉછેરે છે. કૂતરા, બિલાડી, ગાય, ભેંસ, ઘોડા સહિતના પાલતુ પશુઓ માનવજીવન સાથે લાંબા સમયથી જોડાયેલા છે. બીજી તરફ જંગલી પ્રાણીઓ કુદરતી પર્યાવરણની સાંકળનો અભિન્ન ભાગ છે. કોઈ એક પ્રજાતિની સંખ્યા ઘટે કે વધે તો તેની અસર સમગ્ર પર્યાવરણ પર પડી શકે છે. તેથી પશુ સંરક્ષણનો અર્થ માત્ર પ્રાણીઓની સુરક્ષા નહીં, પરંતુ કુદરતી સંતુલનની જાળવણી પણ છે.

શહેરો અને ગામડાઓમાં રખડતા પશુઓ તથા પ્રાણીઓ માટે ખોરાક, પાણી અને સારવારની વ્યવસ્થા કરવી પણ માનવતાની મહત્વપૂર્ણ જવાબદારી છે. ખાસ કરીને ઉનાળામાં પાણીની અછત અને ચોમાસામાં આશ્રયના અભાવે અનેક પશુઓ મુશ્કેલીમાં મુકાય છે. આવા સમયે પશુઓ માટે પાણીના કુંડા મૂકવા, શક્ય હોય ત્યાં સુધી યોગ્ય ખોરાક આપવો અને ઈજાગ્રસ્ત પશુઓને પશુચિકિત્સક સુધી પહોંચાડવા જેવી નાની પહેલ પણ તેમના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે.

વિશ્વ પશુ દિવસ આપણને એ પણ યાદ અપાવે છે કે પશુઓ બોલી શકતા નથી, પરંતુ તેઓ પણ પીડા, ભૂખ, તરસ અને ભય અનુભવે છે. પશુઓ સાથે ક્રૂરતા ન કરવી, તેમને અનાવશ્યક રીતે મારકૂટ ન કરવી અને વાહનચાલન દરમિયાન રસ્તા પરના પશુઓ પ્રત્યે સાવચેતી રાખવી એ દરેક નાગરિકની ફરજ છે. બાળકોમાં પણ નાનપણથી જ પ્રાણીઓ પ્રત્યે દયા અને સંવેદનાની ભાવના વિકસાવવી જરૂરી છે.

પશુ કલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓ, પશુચિકિત્સકો, સ્વયંસેવકો અને સરકારી તંત્રની ભૂમિકા પણ મહત્વપૂર્ણ છે. ઈજાગ્રસ્ત તથા બીમાર પશુઓની સારવાર, રેસ્ક્યૂ, રસીકરણ, નિસંતાનકરણ અને રખડતા પ્રાણીઓના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં જવાબદાર પશુ સંભાળની સંસ્કૃતિ વિકસાવી શકાય છે.આ દિવસની ઉજવણી માત્ર એક દિવસ પૂરતી સીમિત ન રહે તે જરૂરી છે. પશુ-પક્ષીઓ માટે પાણી અને ખોરાકની વ્યવસ્થા, વૃક્ષોનું સંરક્ષણ, જંગલી પ્રાણીઓના રહેઠાણનું જતન અને પ્રાણીઓ સાથે સંવેદનશીલ વર્તન જેવી બાબતોને દૈનિક જીવનનો ભાગ બનાવવી જોઈએ. મૂંગા જીવોની સંભાળ એ માત્ર દયા નથી, પરંતુ માનવતાની ઓળખ છે.

# પોરબંદરનું ગાંધીજી-સ્મારક બંધ હાલતમાં!

ગાંધીજી મહાત્મા હોય તો પણ બધું મળીને તે એક માણસ હતા. માણસમાં હોય તેવી નબળાઈ તેમનામાં પણ હતી, પણ સત્ય, અહિંસાનો જે સંદેશ એમણે આપ્યો એનો અસ્વીકાર જગત કરી શકે એમ નથી. તેમની સાદગી કોઈ સંત મહાત્મા પાસે પણ નથી. ચશ્માં, ચંપલ, ઘડિયાળ, લાકડી ને પોતડીથી સજ્જ જગતનો કયો રાષ્ટ્રપિતા હશે તે નથી ખબર.

ગમે એટલા આગળ જઈએ તો પણ ગાંધી વિચાર પાસે થોભવું પડે એમ છે. ગાંધી જયંતી આવે છે કે ઢગલો ઝાડુ રસ્તે આવી પડે છે. સ્વચ્છતા અભિયાનને દાયકો થયો. એમાં શું સ્વચ્છ થયું તે ખાસ ખબર પડતી નથી

દર વર્ષે બીજી ઓક્ટોબરે આવે જ છે, તો જ્યાં એમનો જન્મ થયેલો એ પોરબંદરમાં પણ થોડી સફાઈ થવી જોઈએને ! નહીં તો વિદ્યાર્થીઓને એમનો જન્મ પોરબંદરમાં થયેલો એવું ગોખાવવાનો કોઈ અર્થ ન રહે. ગાંધીજીને કોઈ માનતું નથી એમ એટલે લાગે છે, કારણ, માનતા હોત તો પોરબંદરનું જન્મ સ્મારક ત્રણ વર્ષથી બંધ પડયું ન હોત ! આ ગાંધી જયંતીએ પણ મહાત્મા ગાંધીનું જન્મ સ્મારક ખૂલ્યું નહીં. સ્મારકનું હેરિટેજ બિલ્ડિંગ જર્જરિત થઈ ગયું, પણ ભારતીય પુરાતત્ત્વ વિભાગે અઢી વર્ષ સુધી એનાં તરફ ધ્યાન જ ન આપ્યું. આઠેક મહિનાથી રિપેરિંગ ચાલે છે, પણ કામ પૂરું થયું નથી.

પોરબંદરમાં જ્યાં મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ થયેલો તે સ્થળ પાસે સ્મારક બનાવાયું. તેનો ઉપરનો હિસ્સો જર્જરિત થતાં અઢી વર્ષથી તેને તાળું મારીને બહાર 'વર્ક ઈન પ્રોગ્રેસ'નું પાટિયું મારી દેવાયું છે. એને કારણે દેશવિદેશથી આવતા પ્રવાસીઓને મકાનની નીચેનો ભાગ જોઈને જ પરત થવું પડે છે.

પોરબંદરમાં ૨ ઓક્ટોબર, ૨૦૧૧ને રોજ નવી ચોપાટી પાસે ગાંધી સ્મૃતિ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું. વધારામાં ગાંધીજીને લોકમાનસમાં જીવંત રાખવા લેસર શોની વ્યવસ્થા કરવામાં આવી. જાપાનથી ત્રણ પ્રોજેક્ટર ત્રણ કરોડને ખર્ચે લાવવામાં આવ્યાં. એનો કારભાર પાલિકા હસ્તક છે.

કોરોના કાળ પહેલાંથી એ શો ટેકનિકલ કારણોસર બંધ છે. ભારત બહાર ગાંધીજીનાં ૪૨ સ્મારકો છે, પણ તેમની જન્મભૂમિ પરનું સ્મારક બંધ હાલતમાં છે. હવે સ્મારક જોવા ભારતથી વિદેશ જવું પડે એમ બને. ગાંધી સ્મૃતિ ભવન ખાતે ગાંધીજીની પ્રતિમા, તસવીરો વગેરેની દુર્દશા સરકારી કારભારની ચાડી ખાય છે. ૨૦૧૧માં લોકાર્પણ થયું હોય ને તેર જ વર્ષમાં કોઈને જોવા લાયક પણ ન રહે એ કેવું?

**શિક્ષણ અને સૌંદર્યઃ** એક અત્યંત સુંદર અને બળવાન યુવક હતો. તેના શરીર સૌષ્ઠવની ઘણી પ્રશંસા થતી હતી. પરંતુ તેમાં એક કમી એ હતી કે તે સાવ અભણ હતો. તે હંમેશા એવા સ્થળોએ જવાનું ટાળતો હતો જ્યાં શિક્ષણને લગતા કાર્યો થતાં હતાં. પરંતુ એક દિવસે તેને કોઇ જરૂરી કામ માટે કચેરી જવું પડ્યું. તેની પાસે સંબંધિક દસ્તાવેજો હતા પરંતુ એ દસ્તાવેજો અંગે કોઇ જ્ઞાન ન હતું. તે કાગળો અંગે માહિતી મેળવવા માટે કચેરીના મહેતા પાસે ગયો ત્યારે મહેતાએ તેનું અપમાન કરી નાખ્યું. થોડીવાર તે શાંતિથી ઉભો રહ્યો. પછી તે ફરીથી મહેતાજી પાસે કાગળ વંચાવવા માટે ગયો ત્યારે મહેતાજી ગુસ્સે થઇ બોલ્યા, દેખાવે તો આકર્ષક લાગો છો પરંતુ વાંચતા નથી આવડતું. ભણતર વિના તમારા સુંદર શરીરનું કોઇ મહત્વ નથી. લાઇનમાં ઉભા રહો. જ્યારે ફુરસત મળશે ત્યારે તમારો કાગળ વાંચી સંભળાવીશ.

મહેતાજીની વાત સાંભળીને ત્યાં ઉપસ્થિત લોકોના ચહેરો પર વ્યંગ્યભર્યુ સ્મિત ફરકાઇ ગયું. યુવક આ અપમાનથી અત્યંત શરમમાં મૂકાઇ ગયો. ઊભા ઊભા તેના પગ દુઃખવા લાગ્યા. લગભગ બે-અઢી કલાક બાદ મહેતાજીએ યુવકના કાગળો અહેસાન સમજીને વાંચ્યા. યુવક કચેરીએથી પરત ફરતી વખતે એક સંકલ્પ કરી ચૂક્યો હતો. તેણે એક પણ ક્ષણ ગુમાવ્યા વિના ભણવાનું શરૂ કરી દીધું અને હોંશે હોંશે ભણવા લાગ્યો. તેને દરેક ક્ષેત્રમાં અસાધારણ સફળતા મળી. તે યુવક બીજો કોઇ નહીં સર ગણેશ દત્ત સિંહ હતાં જેઓ બ્રિટિશ શાસનના આધીન બિહાર-ઓરિસ્સા પ્રાંતના મંત્રી બન્યા અને એક શિક્ષણવિદ તરીકે વિખ્યાત થયા.

# જાહેર પરિવહન વ્યવસ્થાને સુધારવાની પહેલ

ભારત ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા વધારવાની દિશામાં ગંભીરતાથી આગળ વધી રહ્યું છે. પીએમ ઈલેક્ટ્રીક ડ્રાઇવ રિવોલ્યુશન ઈન ઈનોવેટિવ વ્હીકલ એન્હેન્સમેન્ટ (પીએમ-ઇ ડ્રાઇવ) અને પીએમ ઇ-બસ પેમેન્ટ સિક્યોરિટી મિકેનિઝમ (પીએસએમ) યોજનાઓથી સ્પષ્ટ છે કે દુનિયાભરમાં ઈવીમાં ખાનગી કારોને મળી રહેલ પ્રમુખતાથી વિપરીત ભારત સરકારે પોતાની નીતિઓમાં બસોને પ્રાથમિકતા આપે છે, કારણ કે પ્રતિદિન ૧૫ કરોડથી વધુ યાત્રી જાહેર પરિવહન પર નિર્ભર છે. આ યોજનાઓથી આગામી પાંચ વર્ષોમાં ૭૫૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૫ર હજાર ઈલેક્ટ્રીક બસો ચલાવવાનું લ-ય છે. સફળ થશે તો ભારતના ઇ-બસ કાફલાને પાંચ લાખ ઇ-બસવાળા ચીન બાદ બીજા સ્થાને પહોંચાડી દશે. યુરોપીય સંઘમાં ઇ-બસોની સંખ્યા ૨૦ હજાર છે, જ્યારે અમેરિકામાં માત્ર સાડા છ હજાર ઇ-બસો છે. ભારતમાં ખાનગી ઈલેક્ટ્રીક વાહન આધારિત આવાગમનની સ્થિતિની તુલનામાં એક ઉચ્ચ સાર્વજનિક પરિવહન અને ઈવી પરિદશ્યનું હોવું સડક પર વાહનોની સંખ્યા ૫૦ ટકા અને સૂ-મ કણો (પીએમ ૨.૫)નું ઉત્સર્જન ૯૦ ટકા ઘટાડી શકે છે.

ઇ-બસો ઘરેલુ વેલ્યૂ એડિશનને ઉત્તેજન આપશે અને ભારતમાં મોટાં ઈલેક્ટ્રીક વાહનોના નિર્માણ અને વ્યવસાયની ઈકો-સિસ્ટમને મજબૂત કરશે. સતત સરકારી રોકાણની સાથે ભારતનું ઇ-બસ બજાર ઘણી મૂડી આકર્ષિત કરી રહ્યું છે, જેનો મોટાભાગનો હિસ્સો શહેરી પરિવહનમાં જાય છે. હાલમાં દેશમાં બનેલી એક ઇ-બસના ઉત્પાદન મૂલ્યના લગભગ ૫૦ ટકા હિસ્સો સ્વદેશીકરણથી આવે છે. પરંતુ આ આંકડો વધવાની આશાછે, જે નિકાસને વધારશે અને ઇ-બસોની કિંમત ઘટાડશે.

પીએસએમ યોજના જાહેર પરિવહનને વિસ્તાર આપવા માટે ખાનગી રોકાણને આકર્ષિત કરશે. હાલમાં ઉપલબ્ધ લગભગ સાડા ત્રણ લાખ બસોની તુલનામાં ભારતને ૩૦ લાખ બસોની જરૂર છે. જાહેર પરિવહન પ્રાધિકરણોથી બસ ઓપરેટર્સને ચૂકવણીમાં વિલંબની સમસ્યા છે, જેનાથી છેલ્લા કેટલાક સમયથી બસ ટેન્ડરોમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી સુસ્ત પડી છે. એવામાં આ યોજના એક સમર્પિત ફંડના માધ્યમથી આ જોખમને સંતુલિત કરીને ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરે છે, જે શહેરી અને ગ્રામીણ યાત્રીઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે બસોની સંખ્યામાં ઝડપી વૃદ્ધિને સક્ષમ બનાવે છે.

પીએમ ઇ-ડ્રાઇવ યોજના ઇન્ટરસિટી ઇ-બસ સંચાલનને ઉત્તેજન આપશે. અત્યાર સુધી મોટાભાગની ઇ-બસો માત્ર શહેરી વિસ્તારોમાં ચાલી રહી છે. પરંતુ હાલનો ઘરેલુ ઉપભોગ ખર્ચ સર્વેક્ષણ અનુસાર, છેલ્લા દસ વર્ષોમાં ગ્રામીણ ઘરોમાં યાત્રા ખર્ચના સરેરાશ હિસ્સો બેગણો થઈ ગયો છે. ૧૨૦ કિલોમીટરથી ઓછા અંતરમાં ઇ-બસોનું સંચાલન ડીઝલ બસોની તુલનામાં સસ્તું પડે છે, જે ઇ-બસોને ગ્રામીણ અને અર્ધશહેરી ક્ષેત્રોને જોડવા માટે એક આદર્શ વાહન બનાવે છે. આ યોજના રાજ્ય પરિવહન નિગમોને આ ક્ષેત્રીય માર્ગો પર ઇ-બસ સેવા સંચાલિત કરવા માટે પ્રોત્સાહિત કરે છે, જેની વર્તમાન સાર્વજનિક બસ પરિવહન બજારમાં હિસ્સેદારી લગભગ ૮૮ ટકા છે.

પીએમ ઇ-ડ્રાઇવ યોજનામાં નવ મહત્ત્વપૂર્ણ શહેરી ક્ષેત્રોમાં ભીડભાડ ઘટાડી શકે છે અને વાયુ ગુણવત્તામાં સુધાર લાવી શકે છે. દિલ્હી, મુંબઈ, અમદાવાદ અને બેંગલુરુ જેવા મુખ્ય ક્ષેત્ર દેશના સૌથી મોટા આર્થિક વિકાસના એન્જિન અને પ્રવાસ કેન્દ્ર છે. દેશના સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં ૩૦ ટકાનું યોગદાન કરનારા આ શહેરો ગંભીર ભીડભાડ, વાયુ પ્રદૂષણ અને સડક સુરક્ષાના પડકારોનો સામનો કરે છે. એવામાં ઇ-બસો આ પડકારોને દૂર કરવાની સાથે સાથે શ્રમિકો, છાત્રો અને પ્રવાસીઓને કિફાયતી પરિવહનનો વિકલ્પ ઉપલબ્ધ કરાવશે.

આ યોજનાઓના પ્રભાવને વધારવા માટે રાજ્ય અને સ્થાનિક સરકારોએ આગળ વધીને કામ કરવું જોઇએ. રાજ્યોએ પોતાની ઈવી નીતિઓમાં ઇ-બસને પ્રાથમિકતા આપવી જોઇએ. કેટલાય મધ્યમ આકારના શહેરોને સ્ટાન્ડર્ડ ઇ-બસો ખરીદવા માટે સંઘર્ષ કરવો પડે છે અને તે હંમેશાં સાંકડી સડકો માટે બહુ મોટી હોય છે. તે ઉપરાંત, અહીં પેસેન્જરોની વિવિધ માંગને કારણે સ્ટાન્ડર્ડ બસોમાં સવારીઓનો દર પણ ઓછો રહે છે અને તેનો પૂર્ણ રૂપે ઉપયોગ પણ નથી થઈ શકતો. તેથી નાની કિફાયતી ઇ-બસ મોડલના વિકાસ માટે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઇએમ) સાથે ભાગીદારી જરૂરી છે. રાજ્ય પરિવહન નિગમોને ખાનગી બસ સંચાલન બજારમાં ઇ-બસોનો ઉપયોગ વધારવા માટે સંયુક્ત ડેપો, ચાર્જિંગ સ્ટેશન અને મેન્ટેનન્સની સુવિધા આપવી જોઇએ.નવી ઇ-બસ યોજનાઓમાં ખાનગી મૂડી માટે દરવાજા ખોલવા, ઘરેલુ નિર્માણને ઉત્તેજન આપવા અને ઇન્ટરસિટી બસો માટે બજાર તૈયાર કરવા અને શહેરી ક્ષેત્રોમાં જીવન ગુણવત્તા સુધારવા જેવા કેટલાય લાભ છે. બધા માટે કિફાયતી જાહેર પરિવહન સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારોએ પોતાના પ્રયાસોને આ રાષ્ટ્રીય યોજનાઓને અનુરૂપ બનાવવી જોઇએ. ઇ-બસો માત્ર પરિવહનનું એક સાધન માત્ર નથી, બલ્કે ભારતની ભીડભાડ, પ્રદૂષણ અને સુરક્ષા પડકારોનું પણ સમાધાન રજૂ કરે છે.

**ક્રિયા-પ્રતિક્રિયાઃ** માનવ જીવન હોવાનો એક પુરાવો તેનું બાહ્ય અને આંતરિક ક્રિયાઓ તથા પ્રતિક્રિયાઓ પ્રત્યે સજાગ થવાનું છે. તેનું ભાન વ્યક્તિના આ સંસારમાં આવતાં પહેલાં જ થઈ જાય છે. આ અનુભૂતિ માનવની ઉંમર સાથે વધતી જાય છે. એટલે કે જેમ જેમ આપણી ઉંમર વધે છે, જીવન પ્રત્યે આપણા અનુભવ પણ વધતા જાય છે. એવામાં કોઈપણ ક્રિયા પ્રત્યે પ્રતિક્રિયા હોવી સ્વાભાવિક છે. બાલ્યાવસ્થામાં તો આ પ્રતિક્રિયા જાણ્યા-અજાણ્યા રૂપમાં પ્રદર્શિત થાય છે, પરંતુ માનવના સાંસારિક હોવાની સાથે તે ભાવનાત્મક પક્ષ પૃથક રંગ દેખાડવા લાગે છે, જે આજીવન ચાલતો રહે છે.

સમાજમાં ભિન્ન-ભિન્ન લોકોની મનઃસ્થિતિ અલગ હોય છે. જે લોકો અંતર્મુખી હોય છે તે કોઈ ક્રિયા પર બહુ પ્રતિક્રિયા નથી આપતા. મનમાં આવનારી ઘણી વાતોને અંતર્મનમાંદ બાવીને રાખતાં જીવનમાં આગળ વધતા રહે છે, પરંતુ બાદમાં આ એક ભયાવહ સ્થિતિ પેદા કરી દે છે. અંતે એ પ્રાણી જ છે, ક્યારેકને ક્યારેક તે ફાટી પડવાની આશંકા રહે જ છે. આપણામાંથી કેટલાક લોકો એવા પણ હોય છે.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com


# ઉનાળામાં વસ્ત્રો પહેરો ઠંડાં ઠંડાં કૂલ

**ગરમીનો પારો દિનપ્રતિદિન વધતો જાય છે અને હવે કોરોનાના કપરા કાળ પછી કોલેજો અને ઓફિસો ફરી ખૂલી ગઇ છે. ઓનલાઇન શિક્ષણ તેમ જ વર્ક ફ્રોમ હોમના વિકલ્પ ઓછા થતા જાય છે ત્યારે કાળઝાળ ગરમીમાં કોલેજ કે ઓફિસ જવું કપરું તો લાગશે, પણ કપડાં પહેરવાની સ્ટાઇલમાં થોડા ફેરફાર કરીને તમે ઠંડા ઠંડા કૂલ કૂલ રહી શકો છો.**





### જીન્સને તિલાંજલિ આપો

જીન્સ કે ડેનિમનાં પેન્ટ કે શર્ટ પહેરવાનું ટાળો. આ સમયમાં આવાં વસ્ત્રોની ગડી કરીને કબાટમાં મૂકી દો. વધુ વજન ધરાવતાં આ કપડાં શરીર સાથે ચોંટી જઇને ગરમી વધારે છે. જો આવાં વસ્ત્રો પહેરવાનું ફરજિયાત હોય તો વધુ પહોળાઇવાળાં ઢીલાં જીન્સ પહેરો જેથી કમસે કમ હવાની અવરજવરને પૂરતો અવકાશ રહે. એ ઉપરાંત પગમાં બૂટ-મોજાં પહેરવાનું ટાળી શક્ય હોય તો હલકા વજનનાં ચંપલ કે સેન્ડલ પહેરો જેથી પગનાં પંજા, પાની અને આંગળીઓને પણ પૂરતી હવા મળી શકે.



### ચુસ્ત વસ્ત્રો પહોરવાનું ટાળો

ટાઇટ કે શરીરને ચપોચપ ચોંટી જાય તેવાં વસ્ત્રો પહેરવાનું ટાળો. લૂઝ ફિટિંગનાં કપડાં પહેરો. બ્લાઉઝ કે કુરતી થોડાં ઢીલાં હોય એવાં પહેરો. તમારી રેગ્યુલર સાઇઝ કરતાં એક સાઇઝ મોટી પહેરવાથી જો શરીરને મોકળાશ વર્તાતી હોય તો ઉનાળામાં જરૂરથી પહેરી શકાય. સ્કર્ટ કે ઢીલા સલવાર, લહેંગા કે પેરેલલ પહેરવાનું રાખો. પગને ચપોચપ ચોંટી જાય તેવી લેગિન્સ પહેરવાનું બની શકે તો ટાળો. પહેરવી જ પડે તો પ્યોર કૉટનની લેગિન્સ પહેરો.



### સ્લીવલેસ બ્લાઉઝ કે કમીઝ પહેરો

ગરમીમાં હવાની અવરજવર થઇ શકે એવાં વસ્ત્રો પહેર્યાં હોય તો ગરમી પણ ઓછી લાગે છે અને પરસેવાથી પણ બચી શકાય છે. સ્લીવલેસ કે હાફ સ્લીવવાળા બ્લાઉઝ કે કમીઝ પહેરશો તો વધુ કમ્ફર્ટેબલ રહેશો.



### સુતરાઉ કપડાં પહેરો

સુતરાઉ, લિનન કે પ્યોર સિલ્કનાં કપડાં છિદ્રાળુ હોવાથી હવાની અવરજવર વધુ પ્રમાણમાં થાય છે. ગરમી ઓછી લાગે છે. પરસેવો થયો હોય તો પણ ઝડપથી સુકાઇ જાય છે, જેથી શરીરમાં ઠંડક તો રહે છે સાથે સાથે ઉનાળામાં થતા ચામડીના રોગો જેવા કે ખંજવાળ, ફોડલી અને ગૂમડાં કે રેશીઝથી પણ બચી શકાય છે. આનાથી ઊલટું પોલિયેસ્ટર કે ટેરિલિન જેવાં સિન્થેટિક કપડાંથી હવાની અવરજવર રૂંધાય છે. પરસેવો પણ ઝડપથી સુકાતો નથી. ગરમી અને ચામડીના રોગોનું જોખમ વધે છે.

### સફેદ કે હળવા રંગનાં વસ્ત્રો પહેરો

કાળા કે ઘેરા રંગનાં વસ્ત્રો સૂર્યપ્રકાશને શોષી લઇ વધુ ગરમી ઉત્પન્ન કરે છે, જ્યારે સફેદ કે હળવા રંગોનાં વસ્ત્રો સૂર્યપ્રકાશનું પરાવર્તન કરીને વસ્ત્રો તથા શરીરને ઠંડાં રાખે છે માટે ઉનાળામાં સફેદ કે હળવા રંગનાં વસ્ત્રો પહેરવાની આદત રાખવી જોઇએ.

# એન્જિનિયર બની ‘રિસાઇક્લિગં હીરો’



આજે આપણે વાત કરીશું ફક્ત ૨૨ વર્ષની એન્જિનિયર યુવતી મૈત્રી જરીવાલાની. મંદિરમાં દેવને શ્રદ્ધાળુ ભક્તો દ્વારા અપર્ણ કરવામાં આવેલાં ફૂલોને સૂકવીને તેમાંથી વિવિધ આકર્ષક વસ્તુઓ બનાવીને તેણે બિઝનેસ શરૂ કર્યો છે. તેના સ્ટાર્ટઅપનું નામ છે - બિગિન વિથ ફ્લાવર્સ. કરમાઈ ગયેલાં ફૂલોમાંથી મૈત્રી ૧૦થી પણ વધુ વિવિધ પ્રોડક્ટ્સ બનાવે છે.

સુરતમાં રહેતી મૈત્રી જરીવાલા આ વર્ષે હોળીમાં ઘણી જ વ્યસ્ત હતી. હોળી કઈ રીતે રમીશું તે માટે નહીં, પરંતુ હોળીમાં ખેલૈયાઓને રમવાની મોજ પડી જાય તે માટે વ્યસ્ત હતી.

સામાન્ય રીતે હોળી રમ્યા બાદ ત્વચાની વિવિધ તકલીફો જોવા મળે છે. અનેક વખત તો રંગને કારણે વ્યક્તિની આંખો તથા વાળને અત્યંત નુકસાન પણ થતું હોય છે. મૈત્રી જરીવાલા રંગની અછત ન રહે તેનો ખાસ ખ્યાલ રાખીને સતત વિવિધ રંગ બનાવવામાં વ્યસ્ત હતી. હાલમાં તો મૈત્રી તેના સ્ટાર્ટઅપનું પહેલું સફળ વર્ષ મનાવી રહી છે.

મૈત્રીનું કહેવું છે કે મેં એક નાના પ્રોજેક્ટ તરીકે શરૂઆત કરી હતી. તેને આનંદ અને ગર્વ એ વાતનો પણ છે કે તેના દ્વારા અનેક લોકોને રોજગાર મળ્યો છે. વળી પ્રતિદિન ૫૦થી ૭૦ કિલો બાયોડિગ્રેડેબલ વેસ્ટને યોગ્ય રીતે અપસાઈક્લિગં કરી રહી છે.

કેમિકલ એન્જિનિયરિંગની વિદ્યાર્થી તરીકે તેણે કૉલેજના અંતિમ વર્ષમાં પ્રોજેક્ટ તરીકે આ કામ કરવાનું પસંદ કર્યું હતું. કૉલેજ તરફથી તેને ભરપૂર સહયોગ પણ મળ્યો હતો. મંદિરમાં દેવને અર્પણ કરવામાં આવેલાં ફૂલોને કચરામાં જતાં રોકીને તેણે સ્વયં તે ફૂલો એકઠાં કરવાની શરૂઆત કરી. વળી તેમાંથી વિવિધ વસ્તુ બનાવવાની શરૂઆત પણ કરી.

મૈત્રીનું કહેવું છે કે કામ કામને શીખવે તેમ મેં પણ પહેલાં એક મંદિરમાંથી ફૂલો એકઠાં કરવાની શરૂઆત કરી હતી. આ કામ માટે તેણે સુરત નગર નિગમ પાસેથી પરવાનગી પણ મેળવી હતી. જેમ જેમ તેનું કામ સારું ચાલવા લાગ્યું તેમ તેમ તેણે અન્ય મંદિરોમાંથી પણ ફૂલો એકઠાં કરવાની શરૂઆત કરી. હવે તો એવી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે કે સુરતનાં લગભગ ૧૦ મંદિરમાંથી અર્પણ કરવામાં આવેલાં ફૂલો તથા પાંદડાં તેના ઘરે પહોંચાડવામાં આવે છે. મૈત્રીની ટીમ તે ફૂલોમાંથી પરફ્યુમ, મીણબત્તી, અગરબત્તી, સાબુ, વર્મી કમ્પોસ્ટ જેવી વિવિધ વસ્તુ બનાવવામાં વ્યસ્ત બની જાય છે. હોળીના સમયમાં ફૂલોમાંથી ઑર્ગેનિક રંગ બનાવવામાં આવે છે.

હાલમાં તો આ સ્ટાર્ટઅપ તેના ઘરમાંથી જ ચલાવવામાં આવી રહ્યું છે. વળી ખાસ વાત એ છે કે બધી જ પ્રોડક્ટ હાથેથી બનાવેલી છે. કોઈ પણ પ્રકારના મશીનનો ઉપયોગ કર્યા વગર તે બનાવવામાં આવે છે.એન્જિનિયરિંગના અભ્યાસ બાદ મૈત્રીના કુટુંબીજનોની એવી ઈચ્છા હતી કે તે ક્યાંક નોકરી કરે. ઘરે પોતાના મનની વાત તેણે જણાવી તેની સાથે કુટુંબીજનોનો પૂર્ણ સહયોગ તેને મળ્યો.તેનો ધંધો ઑનલાઈન જ ચાલે છે. મહિનાના તે લગભગ ૪૦થી ૫૦ હજાર રૂપિયા મેળવે છે. સ્ટાર્ટઅપની ખાસ વાત એ છે કે વર્ષ ૨૦૨૧માં તેને ભારતની ‘રિસાઈક્લિગં હીરો’ તરીકે નામના મળી છે.

સ્ટાર્ટઅપ શરૂ કર્યું તેના પ્રથમ વર્ષમાં જ સરકાર દ્વારા તેના કામની સરાહના થવાથી મૈત્રીનો જુસ્સો કામ પ્રત્યે વધી ગયો. એક તરફ જ્યારે અનેક યુવાવર્ગ પોતાનો સમય ફેસબુક કે અન્ય ગેમિંગ સાઈટ પર વ્યર્થ ખર્ચી રહ્યો છે ત્યારે નાની વયમાં મોટી સિદ્ધિ મેળવનારી મૈત્રીના જુસ્સાને બિરદાવીને તેને વધુ પ્રોત્સાહન આપવાની આપણી પણ ફરજ બને છે.

# ‘થ્રી આર’ ફોર્મ્યુલાનો ઉપયોગ કરીને બનાવી બાલ્કની



ગાઝિયાબાદમાં રહેતી અંશુ જૈન પોતાના ઘરમાં વપરાયેલી કોઈ પણ પ્લાસ્ટિકની બોટલ કે ખાલી ડબ્બાને ક્યારેય કચરામાં ફેંકતી નથી. પોતાની રચનાત્મકતાનો ઉપયોગ કરીને તેને સજાવીને નવું જ રૂપ આપે છે. અંશુ જૈનની નાની એવી બાલ્કનીમાં રિસાઈકલ કરીને બનાવેલાં કૂંડાંની સંખ્યા જ ઊડીને આંખે વળગે તેવી છે.

ડૉ. અંશુ જૈન બાળપણથી જ પર્યાવરણ પ્રત્યે જાગરૂક હોવાની સાથે રચનાત્મક પણ રહી છે. પછી ભલેને તે છોડ ઉગાડવાનું કામ હોય કે નકામી વસ્તુનો યોગ્ય ઉપયોગ કરીને તેમાંથી કળાકૃતિ બનાવવાની હોય. ડૉ. અંશુ જૈને પોતાના જીવનમાં ‘૩ આર’નો ઉપયોગ અત્યંત સુંદર રીતે કર્યો છે: રિસાઈકલ, રિયુઝ, રિડ્યુસની ફોર્મ્યુલાનો.અંશુ જૈનનો સતત પ્રયાસ રહે છે કે ઘરમાંથી ઓછામાં ઓછો કચરો બહાર જાય. ઘરમાં વપરાઈ ગયેલા પ્લાસ્ટિકના ડબ્બામાંથી તે છોડને રોપવા માટેનાં કૂંડાં બનાવે છે. ઘરમાં સજાવેલી મોટા ભાગની આર્ટ વસ્તુ પણ તેણે સ્વયં બનાવેલી છે. ટી.વી.ની પાસે રાખવામાં આવેલું રિમોટ સ્ટેન્ડ હોય કે મોબાઈલ ફોન ચાર્જિંગ સ્ટેશન હોય. નાના ડબ્બાનો ઉપયોગ કરીને તે પેન સ્ટેન્ડ અથવા રસોડામાં ઉપયોગમાં આવી શકે તેવાં મલ્ટિ યુટિલિટી સ્ટેન્ડ બનાવે છે. પ્લાસ્ટિકની બોટલના ઢાંકણામાંથી પણ તેણે અત્યંય આકર્ષક વૉલ હેંગિંગ બનાવ્યું છે, તો ઑનલાઈન શોપિંગમાં આવતા બૉક્સનો ઉપયોગ કરીને તેણે રસોડા માટે તથા બાળકોને ઉપયોગમાં આવે તેવી રૅક બનાવી છે. નકામી વસ્તુઓને તે ઘરમાં એક જગ્યાએ ભેગી કરે છે. સમય મળે તેમ તથા ચોક્કસ વસ્તુની જરૂર પડે તેમ સ્વયં નકામી વસ્તુમાંથી નવી જ વસ્તુ બનાવીને ઉપયોગમાં લેવામાં આવે છે.અંશુ જૈનનું કહેવું છે કે ‘જ્યારે પણ કોઈ પ્લાસ્ટિકની બોટલ બહાર ફેંકી દે છે ત્યારે મારો જીવ અત્યંત બળે છે. રિસાઈકલ કરીને વસ્તુને પાછી ઉપયોગમાં લેવાથી મને આત્મસંતોષ મળે છે. મારા કુટુંબના સભ્યો પણ મારા કામને લઈને અનેક વખત પરેશાન થતા જોવા મળે છે. હવે તો મારી બંને પુત્રીઓ પણ વેસ્ટમાંથી આકર્ષક વસ્તુ બનાવતાં શીખી ગઈ છે.’૪૫ વર્ષીય અંશુ જૈન ઈન્ટર કૉલેજમાં વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવે છે. બાગકામની સાથે તે વિવિધ પ્રકારની રચનાત્મક વસ્તુઓ પણ બનાવે છે.નાની જગ્યામાં ઉગાડ્યા ૧૦૦ છોડગ્વાલિયરમાં રહેતી અંશુ જ્યારે લગ્ન બાદ ગાઝિયાબાદ આવી ત્યારે તેને વિવિધ પ્રકારનાં છોડ તથા વૃક્ષો ઉગાડવાનો ભારે શોખ હતો. મોટાં શહેરોમાં છોડ લગાવવા માટે જગ્યા જ હોતી નથી. આમ છતાં તેણે તેની ૧૦ બાય ૪ની બાલ્કનીમાં વર્ટિકલ બાગ બનાવ્યો છે, જેમાં તે ફૂલના છોડ તથા કેટલોક સજાવટનો સમાન પણ બનાવે છે. હાલમાં તેની બાલ્કનીના બાગમાં ૧૦૦થી પણ વધુ છોડ લહેરાઈ રહ્યા છે. અંશુનું કહેવું છે કે તેના ઘરમાં જોવા મળતા ૮૦થી ૯૦ ટકા છોડ નકામા ડબ્બાનો ઉપયોગ કરીને બનાવેલાં આકર્ષક કૂંડાંમાં રોપેલા જોવા મળે છે. તેના બાગમાં મૌસમી ફળોની સાથે શાકભાજી પણ જોવા મળે છે. શાકભાજી જેવાં કે ટમેટાં, શિમલા મરચાં, કોથમીર વગેરે પણ ઉગાડે છે. તાજેતરમાં તેણે એક યુટ્યુબ ચેનલ પણ શરૂ કરી છે. તે અન્ય લોકોને પણ વધુ ને વધુ રિસાઈકલ કરવાની વિવિધ રીતો શીખવીને તેનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. તેની બંને પુત્રી પણ આ કામમાં તેની મદદ કરે છે.



# સતત બાળક રૂપે જોવા ટેવાયેલા ટીનેજરની નવી ઓળખ પચાવતાં પેરન્ટ્સને વાર લાગે છે

‘હજુ થોડાં વર્ષો પહેલાં તો નીર મારો કેડો નહોતી મૂકતી, હું તારા માટે કંઈ લઈ આવું? તું ડોક્ટર પાસે જાય છે?? તને મજા નથી?? મારે તારી સાથે આવવું છે. મને રસોઈમાં મદદ કરવા દેને, તું એકલી કામ કરી થાકી જઈશ. આવી કેટલીય પરવા કરતી નીર આજે ખબર નહીં દિવસ આખામાં એકાદ મિનિટ પણ નથી ફાળવતી એવું પૂછવા કે મમ્મી, તને કંઈ જરૂર છે ખરા? પોતાના ફોન અને લેપટોપ પર સતત વ્યસ્ત રહ્યા કરે છે. તેની આસપાસમાં શું બની રહ્યું છે તેનો એકપણ અણસાર સુધ્ધાં તેને હોતો નથી.’ આવું સતત બોલ્યે જતી ઉત્તરાને ખ્યાલ નહોતો રહ્યો કે નીર સુપ્રિયાબહેનની ચેમ્બરમાં પ્રવેશી ચૂકી હતી. અચાનક આમ મમ્મીને સ્કૂલમાં આવેલી જોઈને એ બઘવાઈ ગઈ હતી. તેને નહોતું સમજાઈ રહ્યું કે આ બધું શું ચાલી રહ્યું છે?

સુપ્રિયા મેમે આંખથી નીરને બેસવાનો ઈશારો કર્યો અને ઉત્તરાના હાથ પર હથેળી દબાવી જવાબ આપ્યો, ‘માત્ર તમે નહીં, પણ જો નીરના ફ્રેન્ડ્સની મમ્મીઓને પૂછશો તો તેઓ પણ આ પ્રકારની જ ફરિયાદ તમને કરશે. હા, તરુણો સ્વાર્થી હોય છે, પરંતુ એટલે નહીં કે તેઓ ખરાબ બની ગયા છે, પરંતુ તેઓ થોડા સ્વાર્થીપણાનો એટલા માટે ભોગ બને છે કે આ ઉંમરે તેમને ‘જે જોઈએ તે જોઈએ જ’ આની સામે ઝીંક ઝીલી શકવાની અસમર્થતા કુદરતી હોય છે. અત્યાર સુધી પૃથ્વી ભલે સૂર્યની આસપાસ ફરતી હતી, પણ તરુણો માટે હવે ધીરે ધીરે પૃથ્વી તેમની આસપાસ જ ફરતી હોય છે. તેમની જરૂરિયાતો, તેમના વિચારો, તેમની મરજી આ બધું દુનિયામાં કોઈ પણ વાત, વસ્તુ કે વ્યક્તિ કરતાં વધુ મહત્ત્વ ધરાવતું હોય છે.’

‘પણ ઘર આખું રફેદફે કરે?? એની પાછળ જાણે ચોવીસ કલાક અમે એના નોકર હોઈએ એમ વર્તે?’- ઉત્તરાએ અધીરાઈથી વચ્ચે પૂછી નાખ્યું.

‘મમ્મીઈઈઈ!!’ નીર હવે બરાબર અકળાઈ. તેણે અણગમાભર્યા આશ્ચર્ય સાથે ઉત્તરા સામે જોયું. ઉત્તરાનું હવે છેક નીર પર ધ્યાન પડતાં એણે પણ ગુસ્સાવાળા હાવભાવ સાથે નીરનું રૂમમાં સ્વાગત કર્યું. આ બધું સુપ્રિયામેમની પારખુ નજરથી અજાણ્યું રહ્યું નહીં. ઉત્તરાએ આગળ ચલાવ્યું, ‘એને જે જોઈએ એ ન મળે તો આખું ઘર માથે ચડાવે, જાણે વાવાઝોડું જ આવ્યું સમજી લો, પરતું ઘરમાં બીજા કોઈની જરૂરિયાતોની લેશમાત્ર પણ તેને પરવા નથી હોતી. મને નથી ગમતું, મારે આમ કરવું છે, મારે આ વસ્તુ જોઈએ છે. બસ હું, હું ને હું જ.’ ત્યાં જ અચાનક દરવાજો હડસેલી ત્રીશાની મમ્મી ચેમ્બરમાં ઘસી આવી. નીર તેમ જ ઉત્તરાને ત્યાં બેઠેલાં જોઈ થોડા ખચકાટ સાથે ‘સોરી’ કહી બહાર નીકળવા જતી હતી ત્યાં જ નીરે ‘કેમ છો આંટી?’ એમ પૂછતાં જ તેના મોંમાંથી નીર માટે વખાણનાં ફૂલો સરી પડ્યાં, ‘ઉત્તરા, તમારી દીકરી બહુ જ ડાહી છે, બહુ સમજુ અને સ્માર્ટ. કાશ ત્રીશાને પણ થોડી સમજણ આવે તો મને સારું પડે.’ આમ બોલતી ‘હું થોડી વાર પછી આવું મેમ’ એમ રજા માગી તે તો જતી રહી, પાછળ સુપ્રિયામેમ વધુ એક વાર જોરથી મલકી ઊઠ્યાં. હવે બોલવાનો વારો તેમનો હતો, ‘જોયું તમે? તમારી દીકરીમાં એ ક્ષમતા છે કે એ મોટી થયે ખૂબ સારી હ્યુમનબીઈંગ બની શકે એનું તાજું ઉદાહરણ તમે જોઈ લીધું. તરુણો મોટા ભાગે સ્વાર્થી જેવું વર્તન ઘરમાં અથવા તો તેમની નજીકની વ્યક્તિઓ સાથે કરતા જોવા મળે છે.

જો તેમને બહાર કે અજાણ્યા લોકો સાથે કેમ વર્તવું એ આવડતું હોય તો ઘરમાં થોડો સમય તેમને સાચવી લેવાથી તેઓ આગળ જતાં બહુ સારા વ્યક્તિત્વના માલિક ચોક્કસપણે બની શકે છે. રહી વાત નીરની’, સુપ્રિયાબહેને નીર સામું જોતાં આગળ ચલાવ્યું, ‘માત્ર તે નહીં, વિશ્ર્વભરમાં બધા જ તેના જેવા ટીનેજર હોર્મોન ચેન્જીસના શિકાર બને છે, જેના કારણે તમે તયહર ફબતજ્ઞબિયમ કે તયહર ભયક્ષયિંયિમ બની જતા જોવા મળો છો. આ સમય દરમિયાન શરીરમાં જ્ઞટ્ઠજ્ઞિંભશક્ષ નામનો અંતઃસ્રાવ ઉત્પન્ન થાય છે કે જે એક ‘બજ્ઞક્ષમશક્ષલ વજ્ઞળિજ્ઞક્ષય’ ગણાય છે જે તમારા મગજની ઈમોશનલ સાઈડને વધુ ઉજાગર કરતો જોવા મળે છે. જેના કારણે તમે તમારી જરૂરિયાતો પરત્વે થોડા વધુ સંવેદનશીલ બનતા જોવા મળો છો જે સતત બાળક તરીકે જોવા ટેવાયેલ ટીનેજરની આ નવી પહચાનને ઓળખતાં વાર લાગે છે.’

‘ચાલો આપણે એક ઉદાહરણ સાથે સમજીએ. નીર પહેલાં ઈંડામાંથી નીકળેલી નાનકડી ઈયળ જેવી હતી જે પોતાની જગ્યાથી બહુ ઝાઝું હલનચલન કરી શકતી નહોતી, પરંતુ હવે તેરથી અઢાર આ વર્ષો એવાં છે કે જેમાં કોશેટો બનવાની શરૂઆત થઇ છે જે ધીમે ધીમે પતંગિયું બનાવશે. તકલીફ માત્ર એટલી જ છે કે પતંગિયું બનવાની પ્રક્રિયા તેના કોશેટોની અંદર થાય છે જે કોઈ જોઈ શકતું નથી. જ્યારે તરુણોએ સમાજની સામે આ સ્ટેજમાંથી પસાર થવાનું આવે છે જેમાં આવા બ્રેઈન કેમિકલ્સનો બહુ મોટો ફાળો છે.’

‘ઉત્તરા, તમને નીરનું આવું વર્તન નથી ગમતું તો નીર માટે પણ આ વર્ષો કંઈ સપાટ રસ્તા સમાન નથી. એને પણ એવું લાગતું હશે કે મને કોઈ સમજતું નથી, પરંતુ આનો મતલબ બિલકુલ એવું નથી કે ટીનેજમાં હોવું એટલે તેમને સ્વાર્થી બનવાનો હક્ક આપોઆપ મળી જાય છે. તેમને પોતાની ઓળખ જાણવા માટે સ્પેસ મળવી જરૂરી છે અને સાથોસાથ તેઓને એક લિમિટમાં પણ બાંધવાની જરૂર હોય છે કે બધું જ તેના માટે નથી હોતું. તેમને ટોક્યા કરવું કે પાછળ પડવું એમ નહીં, પણ દરેક વાતમાં બેસીને શાંતિથી હકીકત સમજવાનો પ્રયત્ન કરવાથી ધીમે ધીમે તેમનામાં સમજણનો સેતુ ચોક્કસ રચાતો જશે.’

‘આવું કરવાથી મેમ ફેર પડશેને?’ ઉત્તરા ફરી પૂછી બેઠી.

‘કદાચ હા, કદાચ નહીં, પરંતુ ચિંતા કરવા કરતાં તમે એમ વિચારો કે તમે એવા કોશેટો સાથે વાત કરી રહ્યાં છે જે હજુ પૂર્ણ વિકસ્યું નથી, જે પ્રક્રિયા પૂરી થતાં તમારી સામે ખૂબ સારી વ્યક્તિ તરીકે બહાર આવશે. તમારે માત્ર ધીરજ રાખવી જરૂરી છે.’

પોતાની વાતની જો થોડી પણ અસર થશે તો નીરનું જીવન અલગ જ રીતે નીખરી જશે એમ વિચારી સુપ્રિયામેમ બહાર નીકળતાં ઉત્તરા અને નીરની પીઠ તરફ ક્યાંય સુધી તાકી રહ્યાં.

## ધરમપુરમાં ખેડૂતોના વળતર મુદ્દે ધરણાં

# પાઈપલાઈન માટે જમીન લીધી, ચાર વર્ષથી વળતર નહીં મળ્યું; ધરમપુરમાં ખેડૂતોના ધરણાં

**દ્રષ્ટિકોણ-ધરમપુર, વલસાડ** ધરમપુર તાલુકામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાઈપલાઈન નાખવા માટે ખેડૂતોની જમીનનો ઉપયોગ કર્યા બાદ વર્ષો વીતી જવા છતાં વળતર ચૂકવાયું ન હોવાના આક્ષેપ સાથે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ પ્રશ્ને ખેડૂતો હવે સંગઠિત બનીને પોતાના હક્ક માટે અવાજ ઉઠાવી રહ્યા છે. તા. ૭ ઓક્ટોબરના રોજ ધરમપુરની પાણી પુરવઠા કચેરી ખાતે ખેડૂતો દ્વારા ધરણાંનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૨ દરમિયાન રાજપુર તલાટ, વિરવલ, નાની ઢોલ ડુંગરી, ખટાણા અને ધરમપુર વિસ્તારના વિવિધ સ્થળોએ પાણી પુરવઠા વિભાગ દ્વારા પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામગીરી દરમિયાન ખેડૂતોની જમીનમાંથી પાઈપલાઈન પસાર કરવામાં આવી હતી અને કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. જોકે, કામગીરી પૂર્ણ થયાને ચાર વર્ષ જેટલો સમય થવા છતાં જમીનના ઉપયોગ બદલ ખેડૂતોને મળવાપાત્ર વળતર હજુ સુધી ચૂકવવામાં આવ્યું નથી.

ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની જમીનનો ઉપયોગ કરીને સરકારી યોજના હેઠળનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, પરંતુ ખેડૂતોના હક્કના વળતરની ચૂકવણી કરવામાં આવી નથી. વારંવાર રજૂઆતો છતાં પ્રશ્નનો ઉકેલ ન આવતા ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયો છે.

ખેડૂતોના હક્ક માટે સતત અવાજ ઉઠાવતા આદિવાસી નેતા કલ્પેશ પટેલ દ્વારા ખેડૂતોને સંગઠિત કરી વળતરના પ્રશ્ને જવાબદાર તંત્ર સમક્ષ રજૂઆત અને ધરણાંનું આયોજન કરવામાં આવ્યું છે. કલ્પેશ પટેલે ખેડૂતોને તેમના હક્ક માટે એકજૂથ રહેવા અને શાંતિપૂર્ણ રીતે ન્યાયની માંગ સાથે આગળ આવવા અપીલ કરી છે.

તા. ૭ ઓક્ટોબરે સવારે ૧૧થી બપોરે ૨ વાગ્યા સુધી પાણી પુરવઠા કચેરી, ધરમપુર ખાતે ધરણાં યોજાશે. ખેડૂતોની મુખ્ય માંગ છે કે પાઈપલાઈન માટે ઉપયોગમાં લેવાયેલી જમીનનું યોગ્ય વળતર તાત્કાલિક ચૂકવવામાં આવે.

ખેડૂતો અને કલ્પેશ પટેલે સ્પષ્ટ કર્યું છે કે વળતરનો પ્રશ્ન ઉકેલાય નહીં ત્યાં સુધી ખેડૂતોની ન્યાયની લડત ચાલુ રહેશે. જરૂર પડે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી છે.

## ધરમપુરમાં ખેડૂતો-યુવાનોના પ્રશ્ને કોંગ્રેસની કિસાન યાત્રા




### પેન્ડિંગ જમીન દાવા, MSP, સેટેલાઈટ સર્વેની ભૂલો અને સ્પર્ધાત્મક પરીક્ષાની ગેરરીતિઓ મુદ્દે આવતીકાલે આવેદનપત્ર અપાશે

**દ્રષ્ટિકોણ-ધરમપુર, વલસાડ** ધરમપુર તાલુકાના ખેડૂતો અને યુવાનોના વિવિધ પડતર પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા આવતીકાલે તા. ૫ ઓક્ટોબરે કિસાન યાત્રા અને આવેદનપત્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે બિરસા મુંડા વાવ ચોક પાસે આવેલા કોંગ્રેસ કાર્યાલયથી કાર્યક્રમનો પ્રારંભ થશે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ અને સ્થાનિક આગેવાન દેવુ મોકાશીએ ખેડૂતો, વડીલો અને યુવાનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

કોંગ્રેસ દ્વારા વર્ષ ૨૦૦૬ના કાયદા હેઠળ વર્ષોથી જમીન ખેડતા ખેડૂતોની પેન્ડિંગ દાવા અરજીઓનો તાત્કાલિક નિકાલ કરી કાયદેસર હક્ક આપવા માંગ કરવામાં આવી છે. સરકારી સેટેલાઈટ સર્વે દરમિયાન જમીન માપણીમાં થયેલી ભૂલો ગરીબ ખેડૂતો પાસેથી કોઈ ખર્ચ વસૂલ્યા વિના સરકારના ખર્ચે સુધારવાની માંગ પણ કરવામાં આવી છે.

ખેડૂતોના પાકના પોષણક્ષમ ભાવનો મુદ્દો પણ કાર્યક્રમમાં મુખ્ય રહેશે. તુરિયા, ગલકા, દૂધી, ટીંડોળા સહિતના શાકભાજી તેમજ ડાંગરના ઉત્પાદકોને યોગ્ય ભાવ મળતા ન હોવાનો આક્ષેપ કરી શાકભાજી માટે પણ લઘુતમ ટેકાના ભાવ (MSP) નક્કી કરવા તથા APMC અને સરકારી ખરીદીની વ્યવસ્થા ઊભી કરવાની માંગ કરાશે. બિયારણ અને યુરિયા, DAP, પોટાશ સહિતના ખાતરના વધતા ભાવ વચ્ચે ખેડૂતોને યોગ્ય વળતર મળે તે મુદ્દો પણ રજૂ કરવામાં આવશે.યુવાનોના પ્રશ્નોમાં NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ સામે કાર્યવાહી કરી યુવાનોના શિક્ષણ અને ભવિષ્યનું રક્ષણ કરવાની માંગ કરાશે. પહાડી અને ડુંગરાળ વિસ્તારોમાં ખેતી કે ઘાસચારા માટે જતા ખેડૂતો અને તેમના પરિવારજનોને સર્પદંશ જેવી ઘટનાઓમાં આયુષ્માન કાર્ડ હેઠળ મફત સારવાર અને સહાય મળે તેવી માંગ પણ કરવામાં આવશે.કોંગ્રેસે ખેડૂતો અને યુવાનોના હક્કના પ્રશ્નોને લઈને યોજાનાર આ કાર્યક્રમમાં ધરમપુર સહિત વલસાડ જિલ્લાના ખેડૂતભાઈઓ અને યુવાનોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે.

## ચીખલીમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬'નો જિલ્લાકક્ષાનો સમારંભ



### સ્વચ્છતા, જળસંચય અને નશામુક્તિનો સંદેશ આપ્યો; ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સ્વચ્છતા કર્મીઓનું સન્માન, દિવ્યાંગોને વ્હીલચેર વિતરણ કરાઈ

**દ્રષ્ટિકોણ-ચીખલી,** મહાત્મા ગાંધીજી અને ભારતના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે દેશવ્યાપી 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાન અંતર્ગત ચીખલી નજીક મજીગામ સ્થિત દિનકર ભવન માં શુક્રવારે જિલ્લાકક્ષાનો સમારંભ યોજાયો હતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, સ્વચ્છતા કર્મીઓ, સ્વચ્છાગ્રહીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિતોને સંબોધતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના પ્રખર આગ્રહી હતા અને તેમના સ્વચ્છતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવા દેશભરમાં સ્વચ્છતાને જનઆંદોલનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. નવસારી જિલ્લામાં પણ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત ૫૦૦થી વધુ સ્થળોએ વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. તેમણે સ્વચ્છતા અને જળ એકબીજાના પૂરક હોવાનું જણાવી નદી, તળાવ સહિતના જળસ્રોતો તથા આસપાસના પર્યાવરણની જાળવણી માટે સૌને જવાબદારીપૂર્વક કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. જળાશયોમાં કચરો ન નાખવો તેમજ સૂકો અને ભીનો કચરો અલગ કરી તેનો યોગ્ય નિકાલ કરવા પણ તેમણે અપીલ કરી હતી. ચીખલીને આદર્શ ગામ તરીકે વિકસાવવાના અભિયાન દરમિયાન અંદાજે ૧,૫૦૦ ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું જણાવતાં પાટીલે સ્વચ્છતાની કામગીરી સતત જાળવી રાખી સ્વચ્છ અને સુંદર ચીખલીના નિર્માણ માટે સૌને સહભાગી બનવા આહ્વાન કર્યું હતું. વધુમાં ચીખલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે દિવ્યાંગજનો માટે સેન્ટર બનાવવામાં આવશે, જેના થકી દિવ્યાંગોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ ઘરઆંગણે મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

## ભરૂચમાં જિલ્લા કક્ષાની રૂરલ આઈટી ક્વિઝ યોજાઈ, ૧૧૨ વિદ્યાર્થીઓએ લીધો ભાગ



**દ્રષ્ટિકોણ-ભરૂચ:** જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ દ્વારા જિલ્લા કક્ષાની રૂરલ આઈટી ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કર્ણાટક સરકારના આઈટી અને બીટી વિભાગના સહયોગથી યોજાતી આ ક્વિઝનો મુખ્ય હેતુ ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીઓમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી અંગે જાગૃતિ વધારવાનો છે.ભરૂચ જિલ્લાની વિવિધ શાળાઓના કુલ ૧૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહેમાન તરીકે જીઈહ્લ ફાઉન્ડેશન, ભરૂચના પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ ઝાકીર હુસેન ઉપસ્થિત રહ્યા હતા. કો-ઓર્ડિનેટર કેશા પ્રજાપતિએ ક્વિઝના નિયમોની માહિતી આપ્યા બાદ સ્પર્ધાનું સંચાલન કર્યું હતું.ક્વિઝના પરિણામના આધારે રાજ્ય કક્ષાની રૂરલ આઈટી ક્વિઝ માટે ૧૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રમાણપત્રો તથા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમ્યુનિકેટર જીગર ભટ્ટે કર્યું હતું.

## ખેરગામમાં બાયપાસ માટે જમીન સંપાદનનો ખેડૂતોનો ઉગ્ર વિરોધ



**દ્રષ્ટિકોણ-ખેરગામ:** જિલ્લા વિકાસ અધિકારીના આદેશાનુસાર ખેરગામ ગ્રામ પંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે સરપંચ શ્રીમતી ઝરણાબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં ચીખલી-ખેરગામ-ધરમપુર બાયપાસ રોડના ન્યુ અલાઈનમેન્ટ માટે થનારા જમીન સંપાદનનો મુદ્દો ચર્ચામાં આવતાં જ વાતાવરણ ગરમાયું હતું.

બાયપાસ રોડના નવા અલાઈનમેન્ટમાં જમીન ગુમાવનારા સ્થાનિક ખેડૂતો દ્વારા જમીન સંપાદન સામે સખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ખેડૂતોએ પોતાની જમીન અને રોજગારી સાથે જોડાયેલા પ્રશ્નોને લઈને આક્રોશ વ્યક્ત કરતાં ગ્રામસભામાં ચર્ચા ઉગ્ર બની હતી. જમીન સંપાદન મુદ્દે ઉગ્ર ચર્ચાઓના પગલે ગ્રામસભાનું વાતાવરણ તંગ બન્યું હતું.

બાયપાસના મુદ્દે લાંબી અને ગરમાગરમ ચર્ચા થતાં ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા અન્ય મહત્વના લોકપ્રશ્નો પૂરતી ચર્ચા વિના જ રહી ગયા હતા. જેમાં ખેરગામમાં પીવાના પાણીની સમસ્યા, ટ્રાફિકની વધતી જટિલતા, આર.એન્ડ.બી. વિભાગ દ્વારા ગટર લાઈનના કામ દરમિયાન ખાનગી ગટર લાઈનો જોડી દેવા અંગેનો વિવાદ, સ્ટ્રીટ લાઈટ તેમજ કચરા વ્યવસ્થાપન સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.દરમિયાન ગ્રામસભાના સાયબર સુરક્ષા અંગેના એજન્ડા હેઠળ ખેરગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. પીનલ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામજનોને સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો, ઓનલાઈન છેતરપિંડીથી સાવચેત રહેવા તથા સાયબર ગુનાઓ અંગે જાગૃતિ રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સાયબર સુરક્ષા અંગેના માર્ગદર્શન બાદ ગ્રામ પંચાયતની ખાસ ગ્રામસભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

## ધરમપુર તાલુકા ખેલમહાકુંભ-૨૦૨૬નો નાનીવહીયાળ હાઈસ્કૂલ ખાતે પ્રારંભ



**દ્રષ્ટિકોણ-ધરમપુર, વલસાડ** ધરમપુર તાલુકા ખેલમહાકુંભ-૨૦૨૬નો નાનીવહીયાળ ખાતે આવેલી વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ દ્વારા આયોજિત ખેલમહાકુંભમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમનું ઉદ્ઘાટન નાનીવહીયાળ ગામના ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ વાંક તથા ગામના પૂર્વ સરપંચ અને રમતગમત સહિતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા દિલીપભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. પૂર્વ સરપંચ દિલીપભાઈ પટેલે ખેલાડીઓ સાથે સંવાદ કરી તેમને રમતગમત ક્ષેત્રે સતત મહેનત કરવા અને પોતાની પ્રતિભાને આગળ લાવવા પ્રોત્સાહિત કર્યા હતા. ગામમાં રમતગમતની પ્રવૃત્તિઓને વેગ મળે અને યુવાનોને યોગ્ય તક મળે તે માટે તેમણે ખેલમહાકુંભ જેવા આયોજનને મહત્વપૂર્ણ ગણાવ્યું હતું.શાળાના આચાર્ય તથા પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય શૈલેશકુમાર આર. પટેલે ઉપસ્થિત મહેમાનો, નિર્ણાયકો અને ખેલાડીઓનું સ્વાગત કરી તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે વાલીમંડળના ઉપપ્રમુખ કમલેશભાઈ પટેલ, સભ્ય મંગુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ખેલમહાકુંભ અંતર્ગત તા. ૩ ઓક્ટોબરે વોલીબોલ અને રસ્સાખેચની સ્પર્ધાઓ યોજાઈ હતી. આગામી તા. ૫ ઓક્ટોબરે એથ્લેટિક્સ, તા. ૬ ઓક્ટોબરે કબડ્ડી, તા. ૭ ઓક્ટોબરે ભાઈઓની ખો-ખો, તા. ૮ ઓક્ટોબરે બહેનોની ખો-ખો તેમજ તા. ૯ ઓક્ટોબરે યોગ અને ચેસની સ્પર્ધાઓ યોજાશે.

ખેલમહાકુંભના આયોજનથી ધરમપુર તાલુકાના ખેલાડીઓને પોતાની રમતગમતની પ્રતિભા રજૂ કરવા માટે તક મળી છે. વિવિધ રમતોમાં ભાગ લઈને યુવાનોમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધે અને પ્રતિભાશાળી ખેલાડીઓ તાલુકા, જિલ્લા તથા રાજ્ય કક્ષાએ આગળ વધે તેવો હેતુ છે.

## હનમતમાળ ગ્રામસભામાં અધિકારીઓની ગેરહાજરીથી નારાજગી, વીજળી-રસ્તાના પ્રશ્નો ઉઠ્યા



**દ્રષ્ટિકોણ-ધરમપુર, વલસાડ** ધરમપુર તાલુકાના હનમતમાળ ગામમાં તા. ૨ ઓક્ટોબરના રોજ ગાંધી જયંતિ નિમિત્તે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભા પૂર્વે મહાત્મા ગાંધીજીની પ્રતિમા સમક્ષ પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ યોજાયેલી ગ્રામસભામાં ગામના વીજળી, ખેતી, રોડ-રસ્તા, પાણી સહિતના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જોકે ગ્રામસભામાં સંબંધિત વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓ હાજર ન રહેતાં ગ્રામજનોમાં નારાજગી જોવા મળી હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ તલાટી સિવાય અન્ય વિભાગના કર્મચારીઓ હાજર ન હોવાથી વીજળી, ખેતી અને રસ્તા સહિતના પ્રશ્નોની સીધી રજૂઆત સંબંધિત અધિકારીઓ સમક્ષ થઈ શકી નહોતી. પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય ઝીણાભાઈ પવાર સહિત આગેવાનોએ અધિકારીઓની ગેરહાજરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આગામી ગ્રામસભામાં પણ આવી સ્થિતિ રહેશે તો ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવાની વાત કરવામાં આવી હતી. ગ્રામસભામાં ખેતીવાડી વીજ પુરવઠાનો મુદ્દો પણ ઉઠ્યો હતો.

વારંવાર વીજ પુરવઠો ખોરવાતા ખેતીના કામને અસર થતી હોવાની રજૂઆત કરી નિયમિત વીજળી આપવા માંગ કરાઈ હતી. પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય ઝીણાભાઈ પવારે જણાવ્યું હતું કે ખેડૂતોને સાથે રાખીને સંબંધિત વીજ કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવશે. ગામના માર્ગો પરથી પૂરઝડપે વાહનો પસાર થતાં અકસ્માતની શક્યતા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. માર્ગ પર બેરિકેટ મૂકવાની માંગ સાથે નવરાત્રિ દરમિયાન જરૂરી વ્યવસ્થા અંગે યુવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

દરમિયાન નવરાત્રિ પર્વની ઉજવણી માટે ગ્રામ પંચાયત દ્વારા રૂ.૧૫ હજારનું ભંડોળ ફાળવવામાં આવ્યું હતું. સામાજિક કાર્યકર વિજયભાઈ મહાલાએ શાંતિ અને નિયમોનું પાલન કરીને નવરાત્રિ ઉજવવા અપીલ કરી હતી. ગ્રામસભામાં સરપંચ રાસલીબેન મહાલા, તાલુકા પંચાયત સભ્ય રમણભાઈ, ઝીણાભાઈ પવાર, વિજયભાઈ મહાલા સહિત આગેવાનો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## માંડવી તાલુકાની આંગણવાડીમાં 'આંગણ મિલન સેવા' ઉત્સવ



**દ્રષ્ટિકોણ-માંડવી :** સુરત જિલ્લામાં ચાલી રહેલા 'આંગણ મિલન સેવા' ઉત્સવ અંતર્ગત સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ માંડવી તાલુકાની જુનવાણ ૧ આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકો અને કાર્યકર બહેનોને પ્રોત્સાહન આપ્યું હતું. જેમાં સાંસદએ આંગણવાડીની વિવિધ પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધ સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.

સાંસદ દ્વારા 'આંગણ મિલન સેવા' પ્રોજેક્ટના ભાગરૂપે આંગણવાડીના કાર્યકર અને તેડાગર બહેનોની ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવવામાં આવી હતી. તેમણે બહેનોને શાલ તથા પ્રમાણપત્ર એનાયત કરીને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસદશ્રીએ આંગણવાડીમાં બાળકો માટે તૈયાર કરવામાં આવતા ગરમ અને પૌષ્ટિક નાસ્તાની ગુણવત્તાનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ કેન્દ્રના તમામ ભૂલકાંઓને પ્રોત્સાહક ભેટ-સોગાદોનું વિતરણ કર્યું હતું. સાથે જ આંગણવાડીના પ્રાંગણમાં નાના ભૂલકાઓ સાથે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ પણ આપ્યો હતો.

## બાયપાસના જમીન સંપાદન મુદ્દે ખેરગામ ગ્રામસભા ગરમાઈ

**દ્રષ્ટિકોણ-ખેરગામ,** જિલ્લા વિકાસ અધિકારીના આદેશાનુસાર ખેરગામ ગ્રામ પંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે સરપંચ શ્રીમતી ઝરણાબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં ચીખલી-ખેરગામ-ધરમપુર બાયપાસ રોડના ન્યુ અલાઈનમેન્ટ માટે થનારા જમીન સંપાદનનો મુદ્દો ચર્ચામાં આવતાં જ વાતાવરણ ગરમાયું હતું.

બાયપાસ રોડના નવા અલાઈનમેન્ટમાં જમીન ગુમાવનારા સ્થાનિક ખેડૂતો દ્વારા જમીન સંપાદન સામે સખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ખેડૂતોએ પોતાની જમીન અને રોજગારી સાથે જોડાયેલા પ્રશ્નોને લઈને આક્રોશ વ્યક્ત કરતાં ગ્રામસભામાં ચર્ચા ઉગ્ર બની હતી. જમીન સંપાદન મુદ્દે ઉગ્ર ચર્ચાઓના પગલે ગ્રામસભાનું વાતાવરણ તંગ બન્યું હતું.બાયપાસના મુદ્દે લાંબી અને ગરમાગરમ ચર્ચા થતાં ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા અન્ય મહત્વના લોકપ્રશ્નો પૂરતી ચર્ચા વિના જ રહી ગયા હતા. જેમાં ખેરગામમાં પીવાના પાણીની સમસ્યા, ટ્રાફિકની વધતી જટિલતા, આર.એન્ડ.બી. વિભાગ દ્વારા ગટર લાઈનના કામ દરમિયાન ખાનગી ગટર લાઈનો જોડી દેવા અંગેનો વિવાદ, સ્ટ્રીટ લાઈટ તેમજ કચરા વ્યવસ્થાપન સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

દરમિયાન ગ્રામસભાના સાયબર સુરક્ષા અંગેના એજન્ડા હેઠળ ખેરગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. પીનલ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## ખેલ મહાકુંભમાં હરિઓમ વિદ્યાવિહારની અન્ડર-૧૪ કબડ્ડી ટીમ તાલુકા ચેમ્પિયન

### એથ્લેટિક્સમાં પણ વિદ્યાર્થીઓએ મેળવ્યા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક; શાળા પરિવાર દ્વારા વિજેતા ખેલાડીઓને અભિનંદન

**દ્રષ્ટિકોણ-માંડવી :** માંડવી તાલુકાના વરજાખણ ખાતે તાજેતરમાં તાલુકા કક્ષાના 'ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતગમત સ્પર્ધામાં " પ્રફુલ્લતા સેવા કર્મ ટ્રસ્ટ, વ્યારા" દ્વારા સંચાલિત હરિઓમ વિદ્યાવિહાર પ્રાથમિક શાળા, માંડવીના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી કબડ્ડીની સ્પર્ધામાં હરિઓમ વિદ્યાવિહાર શાળાની અન્ડર-૧૪ ભાઈઓની ટીમે રમતનું પ્રદર્શન કરી તાલુકા કક્ષાએ ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સિદ્ધિઓ મેળવી છે, જેમાં અન્ડર-૧૧ ની ૫૦ મીટર દોડ સ્પર્ધામાં શ્રુતીકા દિપકભાઈ ચૌધરીએ પ્રથમ નંબર, અન્ડર-૧૪ ની ૬૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રિન્સ શાંતિલાલ વસાવાએ દ્વિતીય ક્રમાંક અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ સ્પર્ધામાં રિહાકુમારી નારાયણ સિંહ ચૌહાણે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો છે.

વિદ્યાર્થીઓએ પોતાની ઉત્કૃષ્ટ રમતથી મેળવેલી આ સિદ્ધિઓ બદલ શાળાના પ્રમુખશ્રી ગજરાબેન ચૌધરી, કેમ્પસ ડાયરેક્ટરશ્રી નાનસિંગભાઈ ચૌધરી, શાળાના આચાર્યશ્રી ચતુરભાઈ ડી. વસાવા તેમજ ટીમના કોચ અસ્મિતાબેન ગામીત સહિત સમગ્ર શિક્ષકગણ અને શાળા પરિવારે તમામ વિજેતા બાળકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

## અંકલેશ્વરમાં 'વિકસિત ભારત-૨૦૪૭' અંતર્ગત ચિત્ર-વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ, ૧૫ વિદ્યાર્થીઓનું સન્માન

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** 'વિકસિત ભારત-૨૦૪૭' અને '૨૫ વર્ષ સેવા તથા સુશાસન'ની થીમ હેઠળ જિલ્લા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા તથા ઈનામ વિતરણ સમારોહ ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અંકલેશ્વરની RMPS ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીની અધ્યક્ષતામાં યોજાયો હતો. શાળા અને તાલુકા કક્ષાએ વિજેતા બની જિલ્લા કક્ષાએ પહોંચેલા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ ૧૫ વિદ્યાર્થીઓને પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ કર્મિશાબેન પટેલ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ જીગ્નેશભાઈ, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના અધ્યક્ષો, ભાજપના ઉપપ્રમુખ નિરલભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઉલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિનભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ વંદે માતરમ્ અને દીપ પ્રાગટ્યથી થયો હતો. ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી દેશના વિકાસમાં યુવાનોની ભૂમિકા અંગે પ્રેરક ઉદબોધન કર્યું હતું.કાર્યક્રમમાં જંબુસર તાલુકાની ઉચ્છદ શાળાને પણ તેની સારી શૈક્ષણિક પ્રવૃત્તિઓ બદલ સન્માનિત કરવામાં આવી હતી.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com


# સાયણની ગ્રામસભામાં રખડતા ઢોરનો ત્રાસ,પ્રદુષણ, મિલ્કત આકારણી સહિતનાં પ્રશ્નો ગાજ્યા



**સાયણ વિસ્તાર માં ગુનાખોરીનો ક્રાઈમ રેટ વધતા આ.પો.ચોકીનાં બદલે પોલીસ મથકનો દરજ્જો આપવા માંગ**

**દ્રષ્ટિકોણ-ઓલપાડ,**સાયણ ગ્રા.પં. ની મહિલા સરપંચ ભાવનાબેન મનિષભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ગ્રામસભામાં ઉપસ્થિત જાગૃત લોકોએ ગામની વિવિધ સમસ્યા ઓ અને પડતર પ્રશ્નોનો મારો ગજવ્યો હતો.

આ ગ્રામસભા માં ઉપસ્થિત ગ્રામજનો અને ખેડૂતોએ બળાપો કાઢ્યો હતો કે, છેલ્લા ઘણા વર્ષથી સાયણનાં જાહેર માર્ગો અને ગામતળમાં રખડતા ઢોરોનાં ત્રાસ અને મળમૂત્રથી ગંદકી તેમજ અકસ્માતો થઈ રહ્યા છે.આ ઉપરાંત રખડતા ઢોરો વારંવાર ખેતરનાં ઉભા પાકનું ભેલાણ કરી નુકસાન કરી રહ્યા હોવા બાબતની રજુઆતો પણ વાંઝણી પુરવાર થઈ છે.જેથી સરકારી અને પોલીસ તંત્ર દ્વારા આવા પશુપાલકો સામે ફોજદારી ગુનો દાખલ કરી પશુઓને પાંજરાપોળ મોકલી આપવાની માંગ કરવામાં આવી હતી.

જો કે આ સમસ્યા હલ કરવા ગ્રા.પં.એ મૌખિક બાંહેધરી આપી હતી કે, ઓલપાડમાં ગૌશાળા બનાવવાની વિચારણા ચાલી રહી હોવાથી આ રખડતા ઢોરોને ત્યાં મોકલી દેવામાં આવશે. જયારે ગ્રામસભામાં દિપક પટેલે વેરા વસુલાત મામલે મુદ્દો ઉઠાવ્યો હતો કે,ગામમાં કેટલીક એવી મિલકતો પણ છે કે,જેની આજદિન સુધી આકારણી થઈ જ નથી,છતાં તેઓ પંચાયતની તમામ સુવિધાઓ મેળવી રહ્યા છે. આ બાબતે સભા માં ઉપસ્થિત સુ. જિ.પં.સાયણ સીટના સભ્ય અને કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલે ખાત્રી આપી હતી કે,આ બાબતે એક ટીમ બનાવી ગામની સમગ્ર મિલ્કતનું સર્વે કરાવીશું અને જેનો વેરો બાકી હશે તેને નોટીસ આપી વેરો ભરાવીશું અને જો વેરો ન ભરશે તો તે ઘરનું વીજ કનેકશન કાપી નાંખવામાં આવશે.

જયારે આ સભામાં વોટરજેટનું કેમિકલયુક્ત ગંદુ પાણી ખુલ્લી ખાડીઓમાં છોડવામાં આવે છે તે બાબતે ગંભીર ચર્ચા થઈ હતી.આવા પ્રદૂષિત પાણીને કારણે પર્યાવરણ ને નુકસાન થતું હોવાની રજૂઆત ગ્રામજનોએ કરી હતી.આ ઉપરાંત ઉપસ્થિત ગ્રામજનોએ બળાપો કાઢી રોષ ઠાલવ્યો હતો કે,

સાયણ સહિત આજુબાજુનાં ગામના ઔદ્યોગિક એકમો નાં કારણે પરપ્રાંતિ શ્રમિકો પૈકી અસામાજિક તત્ત્વોનાં કારણે સાયણ આ.પો. ચોકીનાં ચોપડે ગુનાહિત ક્રાઈમ રેટ ૮૦ ટકાને વટાવી ચુક્યો છે.

જેથી આ ગુનાખોરી નાથવા સાયણ આ.પો. ચોકીનાં બદલે પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવા દરેક ગ્રામસભામાં રજુઆતો કરેલ હોવા છતાં સરકારનાં ગૃહ વિભાગ અને જિલ્લા પોલીસ તંત્રની હજુ પણ આંખ ઉઘડતી નથી.જેથી સાયણ વિસ્તાર માં ક્રાઈમ રેટ ઘટાડવા સત્વરે સાયણને પોલીસ મથકનો દરજ્જો અપાવવા આપણી ગ્રા.પં. સરકારમાં રજુઆત કરે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી હતી. આ ગ્રામસભા માં તા.પં.અને ગ્રા.પં.નાં સભ્યો, ડેપ્યુટી સરપંચ શૈલેષ પટેલ, સિંચાઈ વિભાગ ના અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.પરંતુ ગામમાં વોટરજેટ પાણીનું પ્રદુષણ વ્યાપક પ્રમાણમાં હોવા છતાં પોલ્યુશન વિભાગમાંથી કોઈ ન ફરકતા ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો.

# ઓલપાડ કાંઠા વિસ્તારની ઘી પિંજરત સેવા સહકારી મંડળીમાં પશુ મેળો યોજાયો



**દ્રષ્ટિકોણ-ઓલપાડ,** ઓલપાડ તાલુકાનાં છેવાડાનાં કાંઠા વિસ્તારનાં પશુપાલકોનાં વ્યવસાય સાથે સંકળાયેલા સભાસદોની જીવાદોરી સમાનઘી પિંજરત સેવા સહકારી મંડળી ખાતે ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં અધ્યક્ષ સ્થાને પશુ મેળો યોજાયો હતો.

ઘી પિંજરત સેવા સહકારી મંડળી,સુમુલ ડેરી તથા સુ.ડી.કો.ઓ.બેંકનાં સંયુક્ત ઉપક્રમે બેંકની દૂધ ગંગા પશુલોન અંતર્ગત યોજાયેલ પાંચમા પશુમેળામાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે અધ્યક્ષ સ્થાનેથી કહ્યું હતું કે,ખેડૂતો અને પશુપાલકો ની કામધેનુ ગણાતી આ મંડળીએ તેની સ્થાપનાનાં ૮૦ વર્ષ પૂર્ણ કરતાં હું મંડળીનાં સ્થાપકો અને મંડળીને પ્રગતિનાં શિખર સુધી લઈ જનારા સૌને અભિનંદન આપું છું.તેમણે મંડળીનાં ગોડાઉન બાંધકામ માટે જમીન તેમજ સરકારની વિવિધ યોજનાઓમાંથી મદદરૂપ થવાની ખાત્રી આપી વધુ કહ્યું હતું કે,દ.ગુ. માં ખેડૂતો અને પશુપાલકોમાં જે આર્થિક ક્રાંતિ આવી છે,તે ક્રાંતિ લોકો હવે પશુપાલન તરફ વળ્યાં હોવા ઉપરાંત સહકારી સંસ્થાઓને આભારી છે.જેથી પશુપાલન હિત એ આપણું લક્ષ્ય હોવું જોઈએ તેમ કહી સરકારની દુધાળા પશુઓની વિવિધ લાભાર્થી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.તેમણે

પશુપાલક મહિલા ઓને સુમુલ ડેરીની મુલાકાત લેવા અપીલ કરી તેઓ સાથે સંવાદ કરી પશુ ઉછેરની સમસ્યાની જાત માહિતી મેળવી હતી.આ પ્રસંગે સુમુલ ડેરીનાં ચેરમેન કાંતિભાઈ ગામીતે કહ્યું હતું કે,અહીંના મહત્તમ લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાથી પશુ ઉછેરની પીડા અને સમસ્યા હું પોતે પણ પશુપાલક હોવાથી જાણું છું.તેમણે પશુપાલકોને દુધાળા પશુઓ ખરીદવા સુમુલ અને સુ.ડી.બેંકની શૂન્ય ટકા વ્યાજ દરની લોન સહિત જિ.પં.ની રૂ.૧૫,૦૦૦ ની સબસીડીનો લાભ લેવા અનુરોધ કરી દરેક પશુપાલકોને પશુઓની જાતે દેખરેખ રાખવા અપીલ કરી હતી. આ પ્રસંગે સુમુલ ડિરેક્ટર અને માજી ધારાસભ્ય ધનસુખભાઈ પટેલે કહ્યું હતું કે, આજે પશુમેળા માં અલગ-અલગ વેપારીઓ ૩૫૦ જેટલી ભેંસો લાવ્યા હતાં.

જે પૈકી મોટાભાગની ભેંસની ખરીદી પશુપાલકોએ કરી લીધી છે.તેમણે વધુ કહ્યું કે,કાંઠા વિસ્તારમાં રોજગારીનાં પ્રશ્નો છે.પરંતુ અનેક લોકો આવા પશુમેળા થકી સરકાર,સુમુલ અને બેંકની દૂધ ગંગા યોજનાની શૂન્ય ટકા વ્યાજ ની લોનનો લાભ લઈ દુધાળા પશુ ખરીદી આર્થિક રીતે પગભર બની રહ્યા છે.જયારે મંડળીનાં પ્રમુખ નિતિન આહિરે મંડળીની પ્રગતિનાં લેખા-જોખાનો ચિતાર રજુ કરી સૌને આવકારતા કહ્યું હતું કે,અમારી બોર્ડે જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી અગાઉ કરતાં રોજરોજ મંડળીમાં દૂધની આવકમાં નોંધ પાત્ર વધારો થઈ રહ્યો છે.

તેમણે વધુ કહ્યું કે,દરેક સભાસદો ને દૂધનો પોષણક્ષમ ભાવ મળે તે માટે સારી ઓલાદની ગાય અને ભેંસ ઘર આંગણે અને તે પણ સુમુલ અને બેંકની લાભાર્થી યોજના થી ખરીદી શકાય તે માટે પશુમેળો યોજવાનો અમારો મુખ્ય હેતુ હતો. આ પ્રસંગે સુમુલ ડેરીના ઉપપ્રમુખ ભરતસિંહ ડાભા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉપલેટામાં સફાઈ કામદારોને પ્લોટ ફાળવવા અને વારસદારોને નોકરી આપવા માંગ



**દ્રષ્ટિકોણ-ઉપલેટા:** ઉપલેટા વાલ્મિકી સમાજના પ્રમુખ મનોજભાઈ ગોહિલ દ્વારા સ્મશાન રોડ ઉપર સફાઈ કામદારોને પ્લોટ ફાળવવા તથા વારસદારોને નોકરી આપવા નગરપાલિકામાં લેખિત રજૂઆત કરી હતી.

ઉપલેટા વાલ્મિકી સમાજના ખૂબજ સક્રીય અને કાર્યદક્ષ પ્રમુખ મનોજભાઈ ગોહિલે સમાજના આગેવાનોને સાથે રાખી નગરપાલિકામાં લેખિત અરજી કરી તેમાં જણાવ્યું હતું છે કે સ્મશાન રોડ ઉપરના સફાઈ કામદારોના જુના ક્વાર્ટર્સની જમીન અંગે ફરીથી ઠરાવ અને સુધારો કરી નગરપાલિકાની સામાન્ય સભામાં થયેલ ઠરાવ મુજબ રાજકોટ આરસીએમ કચેરીમાંથી મંજૂરી મેળવી મંજૂરી આવતા તાત્કાલિક પ્લોટની ફાળવણી કરવી તેમજ અસાધ્ય રોગોથી પીડાતા અશકત સફાઈ કામદારો ની જગ્યાએ તેમના વારસદારોને નોકરી આપવી તેમજ ટીબી કેન્સર હૃદય રોગ કિડની જેવી ગંભીર બીમારીમા જોગવાઈ મુજબ ની કાર્યવાહી જનરલ બોર્ડમાં મંજુર કરવી સહિતની રજૂઆતો કરી હતી. આ રજૂઆતમાં નગરપાલિકાના સદસ્ય મયુરભાઈ વાઘેલા સહિત સમાજના હોદ્દેદારો અરવિંદભાઈ રાઠોડ શાંતિલાલ રાઠોડ નાથાભાઈ વાઘેલા ફકીરભાઈ વાઘેલા રોહિતભાઈ ઢાકેચા ધીરુભાઈ વાઘેલા સહિતના હોદ્દેદારો આગેવાનો સાથે રહ્યા હતા.

# ઉપલેટા નગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧માં સીસી રોડનું ખાતમુહૂર્ત



**ઉપલેટા:** અહીંના વોર્ડ નં.૧ના સેવાભાવી જાગૃત ૧૦૮ યુવા સુધરાઈ સભ્ય અજયભાઈ જાગાણી, અશ્વિનભાઈ લાડાણી, જગદીશભાઈ વિરમગામા અને વિજયભાઈ સોલંકી દ્વારા નગરપાલિકાના કાર્યદક્ષ મહિલા પ્રમુખ વર્ષાબેન ગજેરાને રોડ બાબતે રજૂઆત કરી હતી, જે રજૂઆતને ધ્યાનમાં લઇ તાત્કાલિક વેસ્ટન પાર્કના મેઈન રોડને સીસી રોડ મંજૂર કરવામાં આવ્યો હતો. જેમાં આજે શ્રીફળ વધારી મો મીઠા કરાવી ખાતમુહૂર્ત કરવામાં આવેલ આ તકે નગરપાલિકા ના કાર્યદક્ષ ટાઉન પ્લાનિંગ ચેરમેન નિમિત પાનસરા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિનુભાઈ ચંદ્રવાડીયા, પ્લાસ્ટિક એસોસિએશનના ઉપપ્રમુખ ભુપતભાઈ ગજેરા સહિત મોટી સંખ્યાના ભાઈ બહેનો યુવાનો હાજર રહ્યા હતા.

## અરવલ્લીના ખેડૂતો માટે મહત્વની જાહેરાત

# ખરીફ સીઝન ૨૦૨૬-૨૭માં ડાંગર, મકાઈ, બાજરી, જુવાર અને રાગીની ટેકાના ભાવે ખરીદી

**દ્રષ્ટિકોણ-અરવલ્લી:** રાજ્ય સરકાર દ્વારા ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર અને રાગીની લઘુતમ ટેકાના ભાવે સીધી ખરીદી કરવામાં આવનાર છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા આ ખરીદી હાથ ધરવામાં આવશે.

ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવ મુજબ ડાંગર (કોમન)નો ભાવ રૂ. ૨,૪૪૧ પ્રતિ ક્વિન્ટલ, ડાંગર (ગ્રેડ-એ) રૂ. ૨,૪૬૧, મકાઈ રૂ. ૨,૪૧૦ અને બાજરી રૂ. ૨,૯૦૦ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે જુવાર (હાઈબ્રીડ) રૂ. ૪,૦૨૩ અને જુવાર (માલદંડી) રૂ. ૪,૦૭૩ પ્રતિ ક્વિન્ટલ તથા રાગીનો ભાવ રૂ. ૫,૨૦૫ પ્રતિ ક્વિન્ટલ રહેશે. બાજરી, જુવાર અને રાગી પર રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલનું વધારાનું બોનસ પણ આપવામાં આવશે.

ટેકાના ભાવે પાક વેચવા ઈચ્છતા ખેડૂતોની ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે ઓનલાઇન નોંધણી કરવામાં આવશે. જ્યારે પાકની ખરીદી ૧૬ નવેમ્બર, ૨૦૨૬થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી કરવામાં આવશે. નોંધણી દરમિયાન ખેડૂત ખાતેદારનું બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન ફરજિયાત રહેશે. નોંધણી માટે આધારકાર્ડ, અધ્યતન ગામ નમૂનો, ૭/૧૨, ૮-અ, પાક વાવણીની એન્ટ્રી ન હોય તો તલાટીનો સહી-સિક્કાવાળો દાખલો તથા ખેડૂતના નામના બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક રજૂ કરવાનો રહેશે. નોંધણી કરાવેલા ખેડૂતોને ખરીદી અંગે જીસ્જી મારફતે જાણ કરવામાં આવશે. ખરીદી સમયે આધારકાર્ડ અથવા ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે અને બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન બાદ જ પાકની ખરીદી કરવામાં આવશે. ખોટા દસ્તાવેજો અપલોડ કરાયા હોવાનું જણાશે તો નોંધણી રદ કરવામાં આવશે.

# દયાપર મામલતદાર કચેરીમાં મહેસૂલ કર્મચારીનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ



**દ્રષ્ટિકોણ-દયાપર:** દયાપર મામલતદાર કચેરી ખાતે મહેસૂલ વિભાગના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓએ વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓ અંગે સરકારનું ધ્યાન દોરવા માટે આ પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો.

કર્મચારીઓએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલા પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી છે. લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના ઉકેલ માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં સંતોષકારક નિરાકરણ ન આવતા કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધનો માર્ગ અપનાવ્યો છે.

મહેસૂલ કર્મચારીઓએ સ્પષ્ટતા કરી હતી કે જ્યાં સુધી તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં નહીં આવે ત્યાં સુધી કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી વિરોધ ચાલુ રાખવામાં આવશે. કર્મચારીઓના આ પ્રતિકાત્મક વિરોધને પગલે મામલતદાર કચેરી ખાતે આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો.

# ઓલપાડમાં પડતર પ્રશ્નો અંગે મહેસૂલી કર્મચારીઓનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ



**દ્રષ્ટિકોણ-ઓલપાડ:** ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના માર્ગદર્શન હેઠળ લાંબા સમયથી ઉકેલાયા વગરના પડતર પ્રશ્નો માટે રેવન્યુ ટીમ ઓલપાડ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ દ્વારા અપાયેલા આશ્વાસન છતાં ઉકેલ ન આવતા સુરત જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ જલ્પાબેન ઉપાધ્યાય, ઉપપ્રમુખ શૈલેષ દેસાઈ અને મંત્રી હરદેવ બલદાણિયા સહિતના પ્રતિનિધિઓએ સુરત કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. કર્મચારીઓએ બઢતી-બદલી, સિનીયોરિટી યાદી અને મહેસૂલી તલાટીઓને અન્ય વિભાગની કામગીરીમાંથી મુક્તિ આપવા જેવી મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. આ વિરોધના ભાગરૂપે તા. ૩ ઓક્ટોબરે સવારે ૧૧ કલાકથી કામગીરી સંબંધિત વ્હોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈને વિરોધ નોંધાવાશે. ત્યારબાદ તા. ૫ ઓક્ટોબરે તમામ કર્મચારીઓ માસ સીએલ (Mass CL) પર જશે અને તા. ૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરશે. ઉપરાંત 'વર્ક ટૂ રૂલ' મુજબ જાહેર રજાઓમાં કર્મચારીઓ કામગીરીથી અળગા રહેશે. કર્મચારીઓએ મહેસૂલી વિભાગ કક્ષાએથી તેમના પ્રશ્નોનું ઝડપી અને હકારાત્મક નિરાકરણ લાવવાની માંગ કરી છે.

# જામા મસ્જિદના મૂળ સ્વરૂપને લઈને વિવાદ વચ્ચે જૈન સમાજે મુલાકાત લીધી



**ભરૂચ:** ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદના મૂળ સ્વરૂપ અને ઈતિહાસને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે જૈન સમાજના આગેવાનોએ સ્થળની મુલાકાત લીધી હતી. જૈન સમાજના આગેવાનો દ્વારા આ સ્થળ જૈન ધર્મની આસ્થાનું કેન્દ્ર હોવાનો દાવો કરવામાં આવ્યો છે.જૈન સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ, આ ઐતિહાસિક ઢાંચો ચક્રધર સ્વામીનું જન્મસ્થળ હોવાનો દાવો છે. સ્થળની મુલાકાત દરમિયાન ગણેશજી સહિત અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ મળી હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. આ મુલાકાત બાદ જૈન સમાજ દ્વારા જામા મસ્જિદ તેમને પરત સોંપવાની માંગ કરવામાં આવી છે. આ મુદ્દાને લઈને ભરૂચમાં ચર્ચા વધુ તેજ બની છે. એક તરફ જૈન સમાજ દ્વારા ઐતિહાસિક અને ધાર્મિક દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે સમગ્ર મામલે દાવાઓની હકીકત અને ઐતિહાસિક પુરાવાની ચકાસણી મહત્વપૂર્ણ બની છે. જામા મસ્જિદના મૂળ સ્વરૂપ, સ્થળના ઈતિહાસ અને કરવામાં આવી રહેલા વિવિધ દાવાઓની હકીકત સ્પષ્ટ કરવા માટે સ્વતંત્ર તથા નિષ્પક્ષ ઐતિહાસિક તપાસ જરૂરી હોવાની માંગ પણ ઉઠી છે.

# સુમુલ ડેરી અને સુગર ફેક્ટરીમાં વિજેતા બનેલ આગેવાનોનો સત્કાર કાર્યક્રમ યોજાયો

**દ્રષ્ટિકોણ-બારડોલી:** ગુજરાત ક્ષત્રિય સભા અને દક્ષિણ ગુજરાતની વિવિધ સંસ્થાઓના ઉપક્રમે તાજેતરમાં વિવિધ સહકારી સંસ્થાઓમાં ચૂંટાયેલા આગેવાનોના સન્માન સમારંભનું શ્રી રાજપૂત સમાજ ભવન, કીમ તા.ઓલપાડ જી.સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેનું અધ્યક્ષ સ્થાન ગુજરાત ક્ષત્રિય સભાના પ્રમુખ કરણસિંહ ચાવડા સંભાળ્યું હતું. કાર્યક્રમમાં જય સોમનાથ રાજપૂત સમાજના પ્રમુખ તખતસિંહ દેસાઈ, સુમૂલ ડેરીના વાઈસ ચેરમેન ભરતસિંહ સોલંકી, કામરેજ સુગર મીલના વાઇસ ચેરમેન છાયબા ગોહિલનું વિશિષ્ટ સન્માન કરાયું હતુ.સન્માનિત સુગર ફેકટરીના ડિરેક્ટરોમાં ખાસ મઢી સુગરની ચૂંટણીમાં વાંકાનેર ઝોનમાં યુવા ઉમેદવાર પર સૌની નજર હતી. અને આજ બેઠક પર સૌનું ખાસ ધ્યાન હતું. એ વાંકાનેર ઝોનમાં દક્ષિણ ગુજરાતની સુગર ઈન્ડસ્ટ્રીઝમાં અમિશ ચાવડા નાની વયે ડિરેક્ટર પદે વિજેતા થતાં કાર્યક્રમમાં વિશેસ નોંધ લેવાઈ હતી.

# ભરૂચના અનેક વિસ્તારોમાં ૬ અને ૮ ઓક્ટોબરે આઠ કલાક વીજકાપ

**દ્રષ્ટિકોણ-ભરૂચ :** દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL)ની પાંચબત્તી પેટા વિભાગીય કચેરી દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, વીજ કામગીરી અને જાળવણીના કારણે ભરૂચ શહેરના અનેક વિસ્તારોમાં ૬ અને ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે.૬ ઓક્ટોબરે 66 KV કુકરવાડા સબસ્ટેશન હેઠળના ૧૧ KV વસીલા ફીડર પર વીજકાપ રહેશે. તેના કારણે સ્ટર્લિંગ પ્લાઝા, વેલ્ફેલ હોસ્પિટલ, રોયલ કોમ્પલેક્ષ, સુફિયાન એપાર્ટમેન્ટ, મિલ્લત નગર, આબાદ નગર, ભક્ષુવાલા સોસાયટી, ન્યુ શાકમાર્કેટ, મરિયમ પાર્ક, મુન્શી શોપિંગ, ફૈયાઝ નગર, મેહફૂઝ કોમ્પલેક્ષ, લક્ષ્મી નગર, દાર-એ-અકરમ, હુસેનિયા મસ્જીદ, મુસ્લીમ સોસાયટી, મોરલ હાઈલેન્ડ, મુમતાઝ પાર્ક, પોલીસ હેડક્વાર્ટર, દારૂલ્લુમ યતામાં, નુરાની સોસાયટી, બીજલી નગર, હલીમા પાર્ક, ફીરદોશ સોસાયટી, માટલીવાલા CBSC સ્કૂલ અને સફારી પાર્ક સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે.

૮ ઓક્ટોબરે 66 KV પાંચબત્તી સબસ્ટેશન હેઠળના 11 KV ડુંગરી ફીડર પર વીજકાપ રહેશે. આથી કલા મંદિર જવેલર્સ, નીલકંઠ નગર, સિદ્ધનાથનગર, સંતોષ નગર, ન્યુ આનંદ નગર, મારુતિ નગર, કાલુપુર તકિયા, ખાટકી વાડ, વરુણ નો ટેકરો, મોટી ડુંગરી, નાની ડુંગરી, હુસેનીયા-૨,૩, મદીના પાર્ક, આનંદ નગર, આખરી મંજીલ, સમા પાર્ક, સિરાજ પાર્ક, ધોબી તળાવ, સંતોષી વસાહત-૧,૨, મહાવીર નગર અને અમન રેસીડેન્સી સહિત આસપાસના વિસ્તારોમાં વીજળી બંધ રહેશે. DGVCLએ સ્પષ્ટ કર્યું છે કે કામગીરી પૂર્ણ થયા બાદ નિર્ધારિત સમય પહેલાં પણ વીજ પુરવઠો પુનઃ શરૂ થઈ શકે છે. જેથી ગ્રાહકોએ વીજકાપને ધ્યાનમાં રાખીને અગાઉથી જરૂરી વ્યવસ્થા કરી લેવા અને વીજ બચત માટે સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

# ધરમપુરમાં ૩ ભેંસોને કથિત કુરતાપૂર્વક લઈ જતો આઈસર ઝડપાયો

**ધરમપુર, વલસાડ:** ધરમપુર તાલુકાના બિલપુડી સડક ફળિયા નજીક આવધાથી ધરમપુર તરફ આવતા વળાંકવાળા માર્ગ પરથી પોલીસે ત્રણ ભેંસોને કથિત કુરતાપૂર્વક લઈ જતા આઈસર ટેમ્પોને ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેમ્પો અને તેમાં લઈ જવાતી ત્રણ ભેંસો મળી કુલ રૂ. ૬.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.પોલીસના જણાવ્યા મુજબ, તા. ૧ ઓક્ટોબરની રાત્રે આઈસર ટેમ્પો નં. ઢઢ-૦૧-ૐ-૯૬૪૫માં ત્રણ ભેંસોને લઈ જવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન પશુઓને ટેમ્પોમાં પૂરતી હલનચલનની જગ્યા વિના રાખવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત, ભેંસોને દોરડાથી કથિત રીતે કુરતાપૂર્વક બાંધીને લઈ જવામાં આવતી હોવાનો પણ પોલીસનો આક્ષેપ છે.પોલીસના જણાવ્યા મુજબ, પશુઓ માટે ટેમ્પોમાં ઘાસચારો અને પાણીની યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી. આ અંગે પોલીસે કાર્યવાહી કરી ટેમ્પો, જેની કિંમત આશરે રૂ. ૬ લાખ છે, તેમજ ત્રણ ભેંસો મળી કુલ રૂ. ૬.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત કલા મહોત્સવનું આયોજન

# વ્યારા દક્ષિણાપથ વિદ્યાલય ખાતે 'સેવાના રંગ, રાષ્ટ્રના સંગ' થીમ પર કલા મહોત્સવ યોજાયો



**રંગોળી, કોલાજ, ચિત્ર પ્રદર્શની અને વકૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો; જનપ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને બિરદાવી**

**દ્રષ્ટિકોણ-વ્યારા,**તાપી જિલ્લાના વ્યારા ખાતે દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલયમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવાના રંગ, રાષ્ટ્રના સંગ' થીમ હેઠળ કલા મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ ચંચળબેન ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વ્યક્તિગત રંગોળી, ગ્રૂપ રંગોળી, કોલાજ વર્ક, ચિત્ર પ્રદર્શની તેમજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશપ્રેમ, પર્યાવરણ સંરક્ષણ, ટેક્નોલોજી અને 'વિકસિત ભારત' સહિતની વિવિધ થીમ પર પોતાની સર્જનાત્મકતા રજૂ કરી હતી.

પ્રમુખ ચંચળબેન ચૌધરીએ જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે આવી સર્જનાત્મક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આવી પ્રવૃત્તિઓ 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં પણ મહત્વપૂર્ણ બની શકે છે.

જિ.પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કલા મહોત્સવમાં ધારાસભ્ય મોહનભાઈ કોંકણી, જિલ્લાના અગ્રણી સુરજભાઈ વસાવા, સોનગઢ નગરપાલિકા પ્રમુખ સારિકાબેન પાટીલ સહિતના જનપ્રતિનિધિઓ અને હોદ્દેદારોએ મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભા અને સર્જનાત્મકતાને નિહાળી પ્રોત્સાહિત કર્યા હતા.'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ તાપી જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા, વૃક્ષારોપણ સહિતની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ, બાળકો, યુવાનો, મહિલાઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો જોડાઈ રહ્યા છે.

# સુરત જિલ્લામાં વોટરજેટ મશીન ચલાવતા કામદારોએ હડતાલનું રણશિંગુ ફૂંક્યું

**દ્રષ્ટિકોણ- ઓલપાડ,** ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહેલ સાયણ ગામની સીમમાં કાર્યરત વોટરજેટ કારખાનામાં મશીન ચલાવતા કામદારોએ રજા સહિતની અન્ય માંગો સાથે અચાનક હડતાલનું રણશિંગુ ફૂંકતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.જો કે આ બાબતે પોલીસને જાણ કરતાં તંત્ર એ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી પેટ્રોલિંગ શરૂ કરતાં વોટરજેટ કારખાનાના માલિકોએ રાહતનો દમ લીધો છે.

સાયણ ગામની સીમમાં ગંદકી સાથે પ્રદુષણ ફેલાવતા વોટરજેટ મશીનના અનેકકારખાનાઓ આવેલ છે.આ કારખાનામાં ઉત્તર પ્રદેશ,બિહાર સહિત અન્ય રાજ્યના પરપ્રાંતિ શ્રમિકો વોટરજેટ મશીન ચલાવવાનું કામ કરે છે.આ કામદારો



## કારીગરોએ રવિવાર સહિત હક રજા આપવા અને જો કામ ઉપર ચઢે તો મહેનતાણું ચૂકવવાની માંગના સુર સાથે હડતાલ પાડતા પોલીસે ટોળા ને વેર વિખેર કરવાં પડ્યા હતા

રવિવાર, તા.૦૪ ના રોજ મોટી સંખ્યામાં એકત્ર થયા હતાં. આ કામદારોએ સપ્તાહમાં રવિવારની રજા અને જો રવિવારે કામ ઉપર ચઢે તો તે દિવસનું મહેનતાણું આપવા તથા વર્ષ ની હક રજા સહિતની વિવિધ માંગણીઓ સાથે વોટરજેટ કંપની ઓ બંધ કરવા પ્રયાસ શરૂ કર્યા હતો.

હડતાલનું શસ્ત્ર ઉગામતા અફરા-તફરીનો માહોલ ફેલાયો હતો.જો કે ગભરાયેલા માલિકોએ પોતાના કારખાના માં કામદારો નુકસાન કરે તેવી ભીતિથી ત્વરિત પોલીસને જાણ કરવામાં આવી હતી.જેથી ઘટના સ્થળે પોલીસ કાફલો આવી પહોંચતા પોલીસે ટોળાને વિખેરી કાઢ્યું હતું.આ દરમ્યાન કેટલાક કારીગરો એ આક્ષેપ કર્યો હતો કે,અમો શાંતિના માહોલ માં અમારી માંગણી કરી રહ્યા હતાં,ત્યારે પોલીસે હળવો લાઠીચાર્જ કરી અમારી હડતાલ ખોળવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પોલીસે આ વાતને નકારી ખંડન કર્યું છે.

જો કે ઓલપાડ,લીંડીયાત, ઉંભેળ,સાયણ,દેલાડ, પરીઆ,સિવાણ, કારેલી સહિતના વિવિધ ગામની સીમમાં કાર્યરત અન્ય વોટરજેટ સહિત લુમ્સ કારખાનાઓમાં કામ કરતાં અન્ય પરપ્રાંતિ કારીગરો પણ આવી માંગ સાથે સામી દિવાળીએ આ લડતમાં જોડાઈ તો હડતાલ વધુ વકરે તેવી શક્યતા ઓ નકારી શકાય તેમ નથી.જે આશંકાના પગલે કારખાના માલિકોની દિવાળી બગડે તે માટે પોલીસે પરિસ્થિતિને કાબુમાં લેવા પેટ્રોલિંગ શરૂ કર્યું છે.જયારે આ કારીગરો પોતાનું શોષણ બંધ કરવા ની ઉગ્ર માંગ કરી રહ્યા હોવાથી તેઓની માંગનો ઉકેલ ક્યારે આવશે?શું ઉદ્યોગ સંચાલકો અને કારીગરો વચ્ચે સમાધાન થશે ખરૂં?તેના ઉપર પોલીસ બાજનજર રાખી રહી છે.

## સુરતમાં ટેક્સટાઈલ કારીગરોનો રસ્તા પર ઉતરી ઉગ્ર વિરોધ, ચક્કાજામ કરી હડતાળ



**દ્રષ્ટિકોણ-સુરતઃ** રવિવારની ફરજિયાત રજા અને દૈનિક ૮ કલાકની ડ્યુટીની માંગ સાથે સુરતમાં ટેક્સટાઈલ કારીગરોએ વિરોધનો માર્ગ અપનાવ્યો હતો. મોટી સંખ્યામાં કારીગરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ચક્કાજામ કરી હડતાળ પર બેસી જતા વાહનવ્યવહારને અસર થઈ હતી.

કારીગરોએ અઠવાડિયામાં રવિવારે ફરજિયાત રજા આપવામાં આવે તેમજ દૈનિક કામના કલાકો ૮ કલાક નક્કી કરવામાં આવે તેવી માંગ કરી હતી. વિરોધ દરમિયાન કારીગરોએ રસ્તા પર બેસીને સૂત્રોચ્ચાર કર્યા હતા. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા અને માર્ગ પરનો વાહનવ્યવહાર પૂર્વવત્ કરવા પોલીસે સ્થળ પર પહોંચી કારીગરોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, વિરોધ યથાવત્ રહેતા પોલીસે ચક્કાજામ કરી રહેલા કારીગરોની અટકાયત કરી હતી. પોલીસે કારીગરોને વાહનોમાં બેસાડી પોલીસ સ્ટેશન ખાતે લઈ જતાં મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો હતો.






દ્રષ્ટિકોણ-સુરતઃ ૯૦ જેટલા જૈન સંઘોની ભવ્ય શોભાયાત્રામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા.

# ૯૦ જેટલા જૈન સંઘોની ભવ્ય શોભાયાત્રામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

**દ્રષ્ટિકોણ-સુરત,**સુરત શહેરમાં શાસનભક્તિ, એકતા અને ભારતીય સંસ્કારોનો એક અદ્ભુત અને અલૌકિક સંગમ આજે જોવા મળ્યો હતો. મહાસંઘના નેજા હેઠળ શહેરના ૯૦ જેટલા જૈન સંઘો દ્વારા એક ભવ્ય અને ઐતિહાસિક સામૂહિક રથયાત્રાનું શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

યાત્રામાં જોડાએલા ૯૦ જેટલા સુશોભિત રથ, વિવિધ સામાજિક-ધાર્મિક મંડળીઓ અને પાઠશાળાના ભૂલકાંઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી સાંસ્કૃતિક અને ધાર્મિક કૃતિઓ સમગ્ર આયોજનમાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહી હતી. ગોપીપુરાથી આ ભવ્ય રથયાત્રા કૈલાશનગર, અઠવાગેટ અને લાલબંગલા જેવા વિવિધ વિસ્તારોમાં ફરીને પાલ સ્થિત અડાજણની પાવન રામભૂમિ ખાતે સંપન્ન થઈ હતી. રથયાત્રાના સમગ્ર માર્ગ દરમિયાન હજારોની સંખ્યામાં જૈન સમાજના અગ્રણીઓ, ઉત્સાહી યુવાનો અને સુરતની ધર્મપ્રેમી જનતા ભગવાનના રથ અને પૂજ્ય સંત-ભગવંતોના સ્વાગત તથા દર્શન અર્થે ઉમટી પડી હતી.

આ પ્રસંગે અનેક ગચ્છાધિપતિ ભગવંતો તથા પૂજ્ય આચાર્ય ભગવંતોની પાવન નિશ્રાથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી સભર બની ગયું હતું. જૈન અગ્રણી તુષારભાઈ મહેતાના જણાવ્યા મુજબ આ શોભાયાત્રામાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પોલીસ કમિશનર તથા ડીસીપી સહિતના ઉચ્ચ વહીવટી અધિકારીઓએ પણ ખાસ હાજરી આપી પ્રભુના શ્રીચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### બોગસ ઈન્વોઈસના આધારે ટર્મ લોન મેળવી અન્ય હેતુ માટે નાણાં ટ્રાન્સફર કર્યાનો આરોપ

# સુરતના કચરા પ્રોસેસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલી મુંબઈની હાંઝર બાયોટેક અને ડિરેક્ટરો સામે FIR

**દ્રષ્ટિકોણ-સુરતઃ** પંજાબ નેશનલ બેંક (પીએનબી) સાથે ૯૩.૪૪ કરોડથી વધુની કથિત નાણાકીય છેતરપિંડીના મામલે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ મોટી કાર્યવાહી હાથ ધરી છે. સીબીઆઇએ સુરતના કચરા પ્રોસેસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલી મુંબઈની હાંઝર બાયોટેક એનર્જીસ પ્રાઇવેટ લિમિટેડ, તેના ડિરેક્ટરો અને જામીનદારો સામે ગુનો નોંધ્યો છે. કંપનીએ બેંક પાસેથી મંજૂર કરાવેલી આશરે ૧૩૫ કરોડની ટર્મ લોનની રકમ અન્ય હેતુઓ માટે ડાયવર્ટ કરી હોવાનો આરોપ છે.

પીએનબીની મુંબઈ સ્થિત એસએએમ શાખા દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે સીબીઆઇએ તપાસ શરૂ કરી છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, આરોપીઓએ સંબંધિત પક્ષોના ઇન્વોઇસનો ઉપયોગ કરીને લોન મેળવવાની પ્રક્રિયા હાથ ધરી હતી. લોન મંજૂર થયા બાદ જે હેતુ માટે નાણાં લેવામાં આવ્યા હતા તેના બદલે અન્ય ખાતાઓ અને વ્યવહારોમાં રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ સમગ્ર વ્યવહારમાં બેંકને ૯૩.૪૪ કરોડથી વધુનું નાણાકીય નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

કેસની તપાસ આગળ ધપાવતા સીબીઆઇની ટીમે મુંબઈમાં કંપનીના ડિરેક્ટરો સાથે સંકળાયેલા અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરોડા દરમિયાન બેંક ખાતાઓ, લોન વ્યવહારો, ઇન્વોઇસ અને મિલકતોને લગતા મહત્વના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. હવે સીબીઆઇ લોનની રકમ કયા ખાતાઓમાં અને કયા હેતુસર ટ્રાન્સફર કરવામાં આવી હતી તેની મની ટ્રેલની તપાસ કરી રહી છે. હાંઝર બાયોટેક એનર્જીસ ઘન કચરાના પ્રોસેસિંગ અને ગ્રીન પ્રોડક્ટ્સના ક્ષેત્ર સાથે સંકળાયેલી કંપની હોવાનું સામે આવ્યું છે. કંપની સુરત મહાનગરપાલિકા વિસ્તારમાંથી એકત્ર થતા મિશ્ર ઘન કચરાના પ્રોસેસિંગ અને તેમાંથી જૈવિક ખાતર સહિતના ઉપયોગી ઉત્પાદનો તૈયાર કરવાના પ્રોજેક્ટ સાથે જોડાયેલી રહી હોવાનું જણાવાય છે.

આ ઉપરાંત કંપનીની સિસ્ટર કન્સર્ન દ્વારા સુરત જિલ્લાના ગલ્લા ગામ નજીક ૧૫ મેગાવોટ ક્ષમતાના રિફ્યુઝ ડિરાઇવ્ડ ફ્યુઅલ (આરડીએફ) આધારિત પાવર પ્લાન્ટના પ્રોજેક્ટ સાથે પણ જોડાણ રહ્યું હતું. આ પ્રોજેક્ટમાં સુરત મનપાના કચરામાંથી તૈયાર થતા આરડીએફનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરવાની યોજના હતી. હવે ૧૩૫ કરોડની લોનમાં કથિત ગેરરીતિ સામે આવ્યા બાદ સીબીઆઇ દ્વારા કંપનીની નાણાકીય વ્યવસ્થા, બેંકિંગ ટ્રાન્ઝેક્શન, ઇન્વોઇસ અને સંબંધિત પક્ષકારોની ભૂમિકા સહિત સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

# સારોલીમાં કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટની લિફ્ટ ખોટકાતા ૬ લોકો ફસાયા

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત શહેરના ટેક્સટાઈલ હબ ગણાતા સારોલી વિસ્તારમાં કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં લિફ્ટ ખોટકાઈ જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માર્કેટની લિફ્ટ B-2માં ટેકનિકલ ખામી સર્જાતા ૬ લોકો અંદર ફસાઈ ગયા હતા. લિફ્ટ અધવચ્ચે અટકી જતાં અંદર સવાર લોકોમાં ગભરાટ ફેલાયો હતો. બનાવની જાણ થતાં સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

**લિફ્ટ B-2માં ટેકનિકલ ખામી સર્જાતા અધવચ્ચે અટકી, ફાયર કંટ્રોલ રૂમને જાણ કરાતા ટીમ દોડી આવી; સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહીં**

ફાયર વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ, સારોલી વિસ્તારમાં આવેલી કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટની લિફ્ટ B-2માં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે લિફ્ટ અધવચ્ચે જ અટકી ગઈ હતી. તે સમયે લિફ્ટમાં ૬ લોકો સવાર હતા. લાંબા સમય સુધી લિફ્ટ ન ખુલતાં અંદર ફસાયેલા લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. આ અંગે લિફ્ટમાં ફસાયેલા કૈલાશચંદે તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી.

કંટ્રોલ રૂમમાં કોલ મળતાં જ ફાયર ઓફિસર સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ લિફ્ટમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. આશરે એક કલાકથી વધુ સમયની જહેમત બાદ તમામ ૬ લોકોને લિફ્ટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. ફાયર વિભાગે રેસ્ક્યૂ કરેલા લોકોમાં કૈલાશચંદ (ઉં.વ. ૪૬), ભુવનેશ (ઉં.વ. ૧૭), રાજકુમાર ગુપ્તા (ઉં.વ. ૪૬), રાઘવ (ઉં.વ. ૧૮), મનીષભાઈ (ઉં.વ. ૪૬) અને રાજુભાઈ (ઉં.વ. ૫૮)નો સમાવેશ થાય છે. ભારે જહેમત બાદ તમામને હેમખેમ બહાર કાઢવામાં આવતા લિફ્ટમાં ફસાયેલા લોકો તેમજ માર્કેટના વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# નર્સના ઈન્જેક્શન બાદ ૧૨ વર્ષીય બાળકની તબિયત લથડી, ડેન્ગ્યુથી મોતનો પરિવારનો આક્ષેપ

**સુરત :** સુરતના અઠવા વિસ્તારમાં ૧૨ વર્ષીય મોહમ્મદ જેદ મલિકનું ડેન્ગ્યુની સારવાર દરમિયાન મોત થતાં પરિવાર શોકમાં ગરકાવ થયો છે.



બાળક ચાર દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. પરિવારજનોએ ડોક્ટરની બેદરકારીથી મોત થયું હોવાનો આક્ષેપ કર્યો છે.

રાત્રિના સમયે મોહમ્મદને પેટમાં દુખાવો ઉપડતાં નર્સે તેને ઈન્જેક્શન આપ્યું હતું. ત્યારબાદ તેને ચારથી પાંચ વાર ઝાડા થયા હતા અને ઝાડા બાદ બાળક બેભાન થઈ ગયો હતો. હાજર સ્ટાફે બાળકને અન્ય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની સલાહ આપી હતી.

પરિવારજનોએ મહંમદને અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં હાજર તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારનો આક્ષેપ છે કે નર્સે ઈન્જેક્શન આપ્યા બાદ બાળકની તબિયત વધુ લથડી હતી.મૃતક મોહમ્મદના પરિવારમાં માતા-પિતા અને બે મોટી બહેનો છે. સમગ્ર ઘટનાને પગલે પરિવાર પર શોકની લાગણી છવાઈ છે. અઠવા પોલીસે તપાસ હાથ ધરી છે.










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.